Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




# આત્મધર્મ

## મંગલ સુપ્રભાત

આત્મા સત્-ચિદાનંદ જ્ઞાન સૂર્ય છે, ચૈતન્ય પ્રકાશ છે. સૂર્ય-ચંદ્ર-દીપક -વીજળી આ બધા પ્રકાશો એ તો જડ, અચેતન અને અજ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાન-સૂર્ય તો જીવ તો પ્રકાશ છે, રાગ પણ અંધકાર છે. સૂર્ય, ચંદ્ર, દીપક, વીજળી કે રાગ એની હૈયાતિની એને પણ ક્યાં ખબર છે, એનો પ્રકાશનારો ચૈતન્યપ્રકાશ છે, એનું પૂર્ણ પ્રગટ થવું તે કેવળજ્ઞાન સુપ્રભાત છે. અંશે પ્રગટ થવું તે સમ્યગ્જ્ઞાન સુપ્રભાત છે. આવા સમ્યગ્જ્ઞાન પ્રકાશને પ્રગટાવવો તે સાચું સુપ્રભાત છે. ( નૂતન-વર્ષના સુપ્રભાતે પૂ. ગુરુદેવના આશીર્વચનો )




તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૩, કારતક ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૪ઃ અંક ૧ (૩૯૭)

# સંતો દ્વારા જ્ઞાનધનની લાણી

[ પરમાત્મપ્રકાશ દ્વિતીય અધિકારની ગાથા ૧૭ ૫૨ ધનતેરસના પ્રવચનમાંથી ]

અહીં આ ગાથામાં શ્રી યોગીન્દ્રદેવે નિશ્ચયસમ્યક્ત્વ કોને કહેવાય તે સમજાવતાં એમ કહ્યું કે વીતરાગચારિત્રથી તન્મય નિજ શુદ્ધાત્માની અનુભૂતિ તે નિશ્ચયસમ્યક્ત્વ છે.

ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે પ્રભુ! શુદ્ધાત્મા જ આદરણીય છે, નિમિત્ત, રાગ કે પર્યાય ઉપાદેય નથી પણ નિજ ત્રિકાળી પરમાત્મા જ ઉપાદેય છે અને પર્યાયમાં જેણે નિજ શુદ્ધાત્મા ઉપાદેય બનાવ્યો છે તેને જ નિશ્ચયસમકિત કહે છે એમ આગળની ગાથાઓમાં આપે કહ્યું હતું. હવે અહીં આ આપે એમ કહ્યું કે વીતરાગચારિત્રથી તન્મય તે નિશ્ચયસમકિત છે, તો આ બે કથનમાં પૂર્વાપર વિરોધ આવે છે. કેમ કે નિજ શુદ્ધાત્માની ઉપાદેયતારૂપ નિશ્ચયસમકિત તો ગૃહસ્થાશ્રમમાં તીર્થંકરોને, ચક્રવર્તી ભરત તથા રામને, પાંડવાદિ મહાપુરુષોને પણ હોય છે તેમ આપે આગળ કહ્યું હતું. પણ તેમને ગૃહસ્થાશ્રમમાં વીતરાગચારિત્ર તો છે નહીં. જો વિતરાગચારિત્રથી તન્મય નિશ્ચયસમકિત હોય તો તેમને ગૃહસ્થાશ્રમમાં વિતરાગચારિત્ર તો નથી. વળી જો તેઓને ગૃહસ્થાશ્રમમાં વીતરાગચારિત્ર હોય તો ગૃહસ્થાશ્રમ કેમ કહેવાય? - માટે નિજ શુદ્ધાત્માની ઉપાદેયતારૂપ નિશ્ચયસમકિત કહેવું અને વીતરાગ ચારિત્રરૂપ શુદ્ધાત્માની અનુભૂતિને નિશ્ચયસમકિત કહેવું તે બંને કથનમાં વિરોધ આવે છે.

[ અનુસંધાન પાનું ૧૮ ઉપર ]

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૪
અંક ૧






વીર સં.
૨૫૦૩
: કારતક:
A. D. 1976
NOV.


# દીપાવલી અને મંગળ સુપ્રભાતે
# અતીન્દ્રિય આનંદના અમૃત પીરસતી ગુરુજીની વાણી

મહાવીર ભગવાનને તેરમે ગુણસ્થાને પૂર્ણ આનંદ હતો પણ આજના દિને અવ્યાબાધ આનંદ પ્રાપ્ત થયો. તેમણે પોતાની પર્યાયમાં અવ્યાબાધ આનંદ પ્રગટ કર્યો. અનાદિની સંસારદશા હતી તેનો ત્યાં અંત આવ્યો અને અનંતકાળ રહેવાની છે એવી સિદ્ધિની પર્યાય ભગવાન મહાવીરને આજના દિવસે પ્રગટ થઈ.

સમ્યગ્દર્શન એ સુપ્રભાત છે. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિને સુપ્રભાત કહ્યું છે. અતીન્દ્રિય આનંદના ધ્રુવ પ્રવાહ ને રાગ રહિત અતીન્દ્રિય આનંદના સ્વાદપૂર્વક જાણવો તે ખરું સુપ્રભાત છે.

[ દિપાવલીના તથા નૂતનવર્ષના દિને પરમાત્મપ્રકાશ પરના પ્રવચનમાંથી ]

મોક્ષમાર્ગની પર્યાયની પૂર્ણતા ચૌદમે ગુણસ્થાને થઈ, મોક્ષમાર્ગનો વ્યય થયો ને મોક્ષનો ઉત્પાદ થયો. ખરેખર તો મોક્ષના ઉત્પાદનો જન્મક્ષણ હતો. જેમ માટીમાંથી ઘડો ઉત્પન્ન થવાનો જન્મક્ષણ હોય છે તેમાં કુંભાર નિમિત્ત હોય છે. તેમ મહાવીર

ભગવાને પૂર્ણ પર્યાય પ્રગટ કરી તેમાં કાળ આદિ નિમિત્ત હતા.

ખરેખર તો મોક્ષની પર્યાય ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે. વિકારી પર્યાય પણ પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, કેમ કે દ્રવ્ય–ગુણમાં વિકાર નથી છતાં પર્યાયમાં વિકાર થાય છે તે પર્યાય પોતાની સ્વતંત્રતા જાહેર કરે છે. અને તે સ્વતંત્રતાની જાહેરાતનું તાત્પર્ય વીતરાગતા છે, અને તે વીતરાગતા, દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જાય છે ત્યારે થાય છે. સમ્યગ્દર્શનની પર્યાયનો તે કાળે જન્મક્ષણ છે, તે પોતાના ષટ્કારથી થાય છે, તેને દ્રવ્ય–ગુણની પણ અપેક્ષા નથી. આજે ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા ત્યારે મોક્ષપર્યાયનો ઉત્પત્તિનો કાળ હતો, તેને મોક્ષમાર્ગને લઈને થઈ તેમ કહેવું તે વ્યવહાર છે. કેમ કે મોક્ષમાર્ગનો વ્યય થાય છે, વ્યય તે કારણ કેમ હોય ? ઉત્પાદનનું કારણ ઉત્પાદ પોતે છે.

ભગવાનને કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ સ્વરૂપ સુપ્રભાત પ્રગટે છે. અને સમ્યગ્દર્શન એ પણ સુપ્રભાત છે. ચૈતન્યનો પ્રકાશ પ્રગટે તે ચૈતન્યસુપ્રભાત છે. સૂર્યનો પ્રકાશ પ્રગટે–સૂર્યોદય થાય તે પ્રકાશ તો અચેતન છે. ચંદ્ર–સૂર્ય આદિનો પ્રકાશ અજ્ઞાન સ્વરૂપ છે, તેમાં જ્ઞાન નથી. ભગવાનને ભામંડળ હોય છે, તેના પ્રકાશ આગળ ચંદ્ર–સૂર્યના પ્રકાશ કાંઈ નથી. ભામંડળનો તે પ્રકાશ પણ અજ્ઞાન છે, માટે અંધકાર છે. રાગ છે તે પણ અંધકાર છે તેમાં આત્માનું કિરણ નથી. તેનાથી ચૈતન્યપ્રકાશ ભિન્ન છે. આત્મા જ્ઞાનપ્રકાશમય છે. જ્ઞાનપ્રકાશમય આત્મા રાગ–અંધકારથી નહીં દેખાય, તેને જ્ઞાનપ્રકાશથી જો તો દેખાશે.

હવે અહીં ( પરમાત્મપ્રકાશની બીજા અધિકારની ૧૮ મી ગાથામાં ) પરમાનંદની પ્રાપ્તિનો ઉપાય સમજાવતાં કહે છે કે ભગવાન આત્મા અમૂર્તિક છે, સ્પર્શાદિથી રહિત વસ્તુ છે, લોકાલોકને જાણવાની શક્તિવાળું આત્મતત્ત્વ છે. લોકાલોકને કરે તેવું નથી પણ લોકાલોકને જાણે તેવી કેવળજ્ઞાન શક્તિ આત્મામાં છે. લોકાલોકને જાણે એવું જ્ઞાનરત્ન, એવા એવા અનંતા ગુણના રત્નોનો ભંડાર આત્મા છે. પણ અજ્ઞાની શરીર ને બાહ્ય પદાર્થના મહિમામાં રોકાઈ જાય છે, પુણ્ય–પાપમાં રોકાઈ જાય છે. બહુ તો ૧૧ અંગનું જ્ઞાન થાય તો તેમાં રોકાઈ જાય – તેના ઉઘાડમાં અટવાઈ જાય છે પણ જ્ઞાનસ્વભાવ, અતીન્દ્રિય આનંદસ્વભાવ, તેની તેને ખબર નથી.

કેવળજ્ઞાનની પર્યાય એક સમયની છે તેમાં લોકાલોકને જાણવાની તાકાત છે. એવા તો અનંતા લોકાલોકને જાણી શકે એટલી અપાર શક્તિ એક સમયની પર્યાયમા

છે. એવી અનંતી પર્યાય જ્ઞાનગુણમાં પડી છે, એવો જ્ઞાનમય પરમાત્મા છે—એમ નજરમાં તો લે !

અનંત રત્નોનો ભંડાર આત્મા છે. પ્રભુ ! આવા અનંત રત્નોનું જીવન તે તું છો, પણ તેના અનાદર વડે તેં તારું જીવન રોળી નાંખ્યું છે. પર્યાયને પરમાં વાળી છે તેને એકવાર અંદરમાં વાળ. તારી પર્યાયે પરની કિંમત કરી છે તો એકવાર તારી પર્યાયમાં તારી કિંમત તો કર !

તારો સ્વભાવ પરમાનંદ સ્વરૂપ જ છે, ધ્રુવ સત્ છે. પણ રાગના પ્રેમમાં પરમાનંદ સ્વરૂપને ઠોકર લાગે છે. દયા–દાનના રાગની કિંમત કરતાં ચૈતન્યને ઠોકર લાગે છે, માટે રાગની કિંમત છોડીને ચૈતન્યની કિંમત કર, હવે એકવાર તારી આ ચીજનો આદર કર. ૧૧ અંગનું જ્ઞાન થાય તે પણ તારી વસ્તુ નથી તો બહારની કઈ ચીજ તારી હોય ? તારી પર્યાયમાં તેં પરની કિંમત કરી પણ પર્યાય જેની છે તેની કિંમત તેં કરી નથી.

વીતરાગી પરમાનંદ એકરૂપ સ્વભાવ છે, પણ શુભભાવમાં તું વળ્યો તેનાથી કાંઈ દિ' વળ્યો નહીં અને જેમાં વળવાનું છે ત્યાં વળ્યો નહીં. ભગવાન આત્મા વીતરાગી પરમાનંદ એકરૂપ અતીન્દ્રિયસુખસ્વરૂપ અમૃતરસને વીતરાગ ભાવથી પરિણત થઈને જાણ.

અમૃતના આનંદના સ્વાદ વડે પરમાનંદને જાણે તેને અતીન્દ્રિય આનંદમય આત્મા જણાય છે. કઈ રીતે જાણવો ? – કે વીતરાગી અમૃતના આસ્વાદ વડે જાણવો. માત્ર ક્ષયોપશમ વડે જાણ્યું તે જાણ્યું નથી, તેને તો માત્ર વાત જાણવામાં આવી છે, અનુભવમાં આવી નથી. વ્યવહારથી જણાય છે તેમ ન કહ્યું, જ્ઞાનના ઉઘાડથી–ધારણાથી જણાય છે તેમ ન કહ્યું પણ આસ્વાદ વડે જાણ તેમ કહ્યું છે. પરમાનંદ સ્વરૂપની સન્મુખ થઈને વીતરાગી અમૃતાનંદના સ્વાદ વડે જાણ, વીતરાગી પરિસ્થિતિ દ્વારા જાણ.

જ્ઞાનમય વસ્તુને સમ્યક્જ્ઞાનના પરિણામ વડે જાણ. અતીન્દ્રિય આનંદમય વસ્તુને સુખના સ્વાદથી જાણ. વીતરાગી વસ્તુને વીતરાગી સમરસી પરિણતિથી જાણ. ભગવાન જ્ઞાનમય છે તે જણાય શી રીતે ? – કે સમ્યગ્જ્ઞાનની પરિણતિ વડે; ભગવાન પરમાનંદ સ્વરૂપ છે તે જણાય શી રીતે ? – કે આનંદના આસ્વાદ વડે; ભગવાન વીતરાગ સ્વરૂપ છે તે જણાય કઈ રીતે ? – કે વીતરાગી સમરસી ભાવ વડે.

ભગવાન આત્મા જ્ઞાનમય છે, કેવળ જ્ઞાનમય એટલે કે એકલા જ્ઞાનમય છે, ત્રિકાળી જ્ઞાનમય છે. તે કેવળજ્ઞાનથી પૂર્ણ છે. લોકાલોકને જાણે એવો જ એનો સ્વભાવ છે. વર્તમાનમાં પર્યાયમાં કેવળજ્ઞાન નથી તેની અહીં વાત નથી. લોકાલોકને જાણે ને આગળ–પાછળની પર્યાયને ન જાણે એમ ન બને, ત્રણેકાળનું બધુ જ જાણે એવો જ એનો સ્વભાવ છે. જે ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી તેનું કેવળજ્ઞાનમાં જ્ઞાન આવે છે. જેમ લોટના પિંડમાંથી રોટલી થશે તે આગળથી જાણી શકાય છે, રોટલી નથી છતાં જાણી શકાય છે. તેમ ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી છતાં કેવળજ્ઞાનમાં જાણી શકાય એવી કેવળજ્ઞાનની પર્યાયની શક્તિ છે અને એવો જ્ઞાનમય આત્મા છે તેને જાણ. લોકાલોકને જાણવાના સ્વભાવરૂપ જ્ઞાનમય આત્માને જાણ.

યોગીન્દ્રદેવ પ્રચુર આનંદની ભૂમિકામાં બેઠેલા છે તે એમ કહે છે કે હે મુનિ! મૂર્તપણા રહિત જ્ઞાનમય પરમાનંદ આત્માને જાણ. કેવી રીતે જાણવો? – કે પરમાનંદરૂપ પરિણમનથી જાણવો. વસ્તુ વીતરાગ સ્વરૂપ છે તેને વીતરાગ ભાવથી જાણ, વીતરાગ ભાવની પરિણતિ દ્વારા તેને જાણ. વીતરાગ ભાવરૂપી પરિણમનથી વીતરાગભાવને જાણ. પરમાનંદ સ્વરૂપી પરિણમનથી પરમાનંદ ભાવને જાણ. વસ્તુની આ સ્થિતિ છે.

પરિપૂર્ણ વસ્તુ છે તે સમ્યગદર્શનની પ્રતીતિમાં આવી શ્રદ્ધાય છે. રાગથી રહિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની પરિણતિમાં પરિપૂર્ણ આત્મા શ્રદ્ધાય છે. વીતરાગ પરિણતિ દ્વારા વીતરાગ સ્વરૂપને જાણ. પરમાનંદ સ્વરૂપને પરમાનંદની પરિણતિ દ્વારા આનંદના સ્વાદ દ્વારા જાણ. વસ્તુ ત્રિકાળી એકરૂપ છે તેને એકરૂપ પરિણતિ દ્વારા જાણ. એકરૂપ વસ્તુ અનેકપણાથી–ભેદથી નહીં જણાય. પરમાનંદ જ્ઞાનમય મૂર્ત એકરૂપ વસ્તુને વીતરાગ પરિણતિ દ્વારા, આનંદની પરિણતિ દ્વારા જ્ઞાનની પરિણતિ દ્વારા એકરૂપ આસ્વાદથી જાણ. બીજી રીતે કહીયે તો નિમિત્તથી કે રાગથી જણાય તેવો નથી, તેને જાણવા માટે રાગની કે વ્યવહારની અપેક્ષા નથી. તેને જાણવા માટે નિર્મળ પર્યાયની જરૂર છે.

વસ્તુ અતીન્દ્રિય છે તેથી અતીન્દ્રિય સુખના સ્વાદથી જણાય તેવી છે. પરમાનંદ પરિણતિ દ્વારા અમૂર્ત જ્ઞાનમય વસ્તુને જાણ. રાગ તો વિષનો સ્વાદ છે, તેનાથી અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન કેમ જણાય? ભગવાન ઇન્દ્રિયથી જણાય તેવો નથી,

અતીન્દ્રિય છે એટલે કે અતીન્દ્રિય પરિણતિથી જણાય તેવો છે. આબાળ–ગોપાળ સૌને જણાય તેવો છે. પર્યાયનું લક્ષ છોડી દે. સૌ આત્માઓ આત્માપણે સાધર્મી જ છે કોઈ વિરોધી નથી. એવો સ્વભાવ જાણે તેને વેર–વિરોધ કેમ હોય? દ્રવ્યનો સ્વભાવ જ વીતરાગભાવ છે.

આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ છે, ત્યાં જ્ઞાનનું અસ્તિત્વ પોતાને લઈને છે, અસ્તિત્વને લઈને નથી. એક ગુણમાં અનંતાગુણનું રૂપ છે. એક ગુણમાં બીજો ગુણ નથી, એક ગુણ બીજા ગુણને લીધે નથી, પણ એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે. એક–એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે ને એવા અનંતા ગુણવાળો આત્મા છે.

વીતરાગભાવ સ્વરૂપ આત્મા છે તે વીતરાગ ભાવથી પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેનો પ્રેમનો જેમાં અવકાશ નથી. બહારનું બધું ભૂલી જા. શરીર–વાણી –મનને ભૂલી જા, રાગને ભૂલી જા, એક સમયની પર્યાયને પણ ભૂલી જા. આકાશના અનંતા પ્રદેશ કરતા પણ અનંતગુણા ગુણો આત્મામાં છે અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, અને એક એક ગુણની પર્યાયમાં ષટ્કારકો છે – આવો ભગવાન આત્મા છે. ત્રણ લોકનો નાથ છે પણ કોડી કોડી માટે ભીખારો થઈને ફરે છે.

આવી વાત સાંભળવા મળે તે પણ ભાગ્યશાળી છે. પૈસાવાળા કે આબરૂવાળા ભાગ્યશાળી નથી પણ આવી વાત કાને પડે તે ભાગ્યશાળી છે.

મૂર્ત રહિત જ્ઞાનમય પરમાનંદ એકરૂપ સ્વભાવ આત્માને આવી રીતે જાણ. તેનો અર્થ એ કે નિમિત્તથી કે રાગથી નિર્મળ પરિણતિ થતી નથી ને નિર્મળ પરિણતિ વિના આત્મા જણાતો નથી. આનંદની પરિણતિના આસ્વાદ દ્વારા આત્માને જાણ. સ્વભાવ પ્રત્યક્ષ થાય એવું તારું સ્વરૂપ છે, પરોક્ષ રહે કે નિમિત્તથી જણાય એવું તારું સ્વરૂપ નથી.

મિથ્યાત્વ રાગાદિભાવ તે અંજન–મેલ છે. બહારના આકર્ષણમાં રુચિનો ભાવ પડયો છે તે બધો મિથ્યાત્વ ભાવ છે, મેલ છે. તેનાથી રહિત આત્મા નિરંજન છે, તેને નિરંજન પરિણતિથી જાણ. એ રીતે જાણે ત્યારે સુપ્રભાત પ્રગટયું કહેવાય. રાગાદિને મિથ્યાત્વ રહિત નિરંજન દશા દ્વારા નિરંજન ભગવાનને જાણ. એવા આત્માને સારી રીતે જાણ. સારી રીતે ક્યારે જાણ્યો કહેવાય કે નિર્મળ પરિણતિ દ્વારા જાણે ત્યારે.

આત્મા સર્વ પદાર્થમાં ઉત્કૃષ્ટ છે માટે તેને ઉપાદેય બનાવ, એ સિવાય સર્વે હેય છે. દૃષ્ટિનો વિષય એવો આત્મા ઉપાદેય છે. પણ એ દૃષ્ટિની પર્યાયનું પણ લક્ષ કરે તો આત્મા હેય થઈ જાય છે. આત્માની દૃષ્ટિ કરતી પર્યાયને ઉપાદેય કરે તો આત્મા હેય થઈ જાય છે. ત્યાં રાગને–વ્યવહારને ઉપાદેય માનવો તે વાત ક્યાં રહી?

અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ પ્રગટ થાય તોપણ ખૂટે એમ નથી એવો જે ભગવાન આત્મા તેને મિથ્યાત્વ રહિત સમ્યક્ દૃષ્ટિથી ઉપાદેય કરવો તેનું નામ સુપ્રભાત છે. તેનું નામ નવું વર્ષ છે. ભગવાન આત્માને સમ્યક્દૃષ્ટિથી ઉપાદેય કરવો તેનું નામ આત્માની સાથે સાદિ અનંત કાળ રહેવા માટે સગાઈ કરીને આત્માના ગુણોના પરિવાર સાથે સંબંધ જોડયો છે.

જેને ભગવાન આત્માને સમ્યગ્દર્શનથી પ્રતીતમાં લીધો તેને સુપ્રભાત પ્રગટયું છે. જેમ બીજ ઉગી છે તે પૂર્ણિમા થઈને રહેશે તેમ જેને સુપ્રભાત પ્રગટયું છે તેને કેવળજ્ઞાન થઈને જ રહેશે, તેને કેવળજ્ઞાનમાં કોઈ વિઘ્ન હોઈ શકે જ નહીં. વસ્તુ નિરંજન નિરાકાર તેને નિરંજન પરિણતિ દ્વારા પ્રગટ કર્યો તેને સુપ્રભાત પ્રગટયું છે, તેને કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ પ્રગટ થઈને રહેશે. ભગવાન આત્માની પ્રતીત કરતાં આત્માના અસંખ્યાત પ્રદેશે આનંદના અંકુર ફૂટી નીકળે છે.

[ આત્મા સર્વજ્ઞ–સર્વદર્શી.......... પાના ૮ થી ચાલુ ]

પોતે જ પોતાને ત્રિકાળી જાણનાર છે છતાં પોતાના અપરાધથી પોતે જ પોતાને જાણતો નથી. સમ્યગ્દર્શનમાં પોતાના સ્વરૂપની પ્રતીતિ થાય છે કે હું જાણનાર–દેખનાર છું, પૂર્ણ સ્વરૂપ તે હું છું. રાગ કે અલ્પજ્ઞતા તે હું નથી.

રાગમાં રોકાતા અજ્ઞાનમાં રોકાયો છે તે સંપૂર્ણ જાણનાર–દેખનારને જાણી શકતો નથી. એકલો જ્ઞાનસ્વરૂપ, મુક્ત સ્વરૂપ આત્મા રાગના વિકલ્પ દ્વારા લેપાતો થકો અજ્ઞાનરૂપ વર્તે છે અથવા બંધરૂપે પરિણમે છે. જડકર્મ જીવને ભાવકર્મ કરાવતાં નથી પણ જીવ પોતાના અપરાધથી જ ભાવકર્મરૂપે પરિણમે છે.

રાગ છે તે પરજ્ઞેય છે તેને પોતાનું માની બેઠો છે તેથી તે સ્વજ્ઞેય એવા પોતાના સ્વરૂપને જાણી શકતો નથી. એ પ્રમાણે જે રાગમાં રોકાઈ ગયો છે તે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે વર્તે છે. તેથી એમ નક્કી થયું કે દયા–દાન–વ્રત–તપ આદિ શુભકર્મ–શુભભાવ છે તે પોતે જ બંધસ્વરૂપ છે માટે તેને નિષેધવામાં આવ્યું છે.

# “ આત્મા સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવી, છતાં બંધન કેમ ? ”

**તું સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવી છો, તોપણ અનાદિથી તારા પોતાના જ અપરાધથી શુભાશુભ ભાવકર્મમાં રોકાઈ ગયો હોવાથી, શુભાશુભ ભાવકર્મથી લેપાઈ ગયો હોવાથી, સર્વને સંપૂર્ણ પ્રકારે જાણનાર એવા તને પોતાને જ તું જાણતો નથી. સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપના ભાવમાં રોકાઈ ગયો એ જ તારો અપરાધ છે, તેથી ભાવકર્મને નિષેધવામાં આવ્યું છે.**

**[ તા. ૫-૧૧-૭૬ ના સમયસારના પ્રવચનમાંથી ]**

શુભભાવ તેમ જ અશુભભાવ બંધસ્વરૂપ હોવાથી તેને નિષેધવામાં આવ્યો છે. તેમ અહીં આચાર્યદેવ સમજાવે છે.

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણનો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.**

અબંધ સ્વરૂપના આશ્રયે થતાં પરિણામ તે અબંધ સ્વરૂપ છે. ભગવાન આત્મા જ્ઞાન ને દર્શન સ્વરૂપ છે, તેથી સમસ્ત વિશ્વને જાણવા–દેખવાના સ્વભાવવાળુ તત્ત્વ છે. આત્મા શરીર–કર્મથી જુદું તત્ત્વ છે તેમ ભાવકર્મથી પણ જુદુ તત્ત્વ છે. તે સમસ્ત વિશ્વને જાણવાના સ્વભાવવાળુ આત્મતત્ત્વ છે, એવું તે આત્મદ્રવ્ય પોતાના પુરુષાર્થના અપરાધથી ભાવકર્મ વડે ઢંકાઈ ગયું છે, લેપાઈ ગયું છે. જડકર્મના ઉદયના કાળમાં પોતે જ પોતાના અપરાધથી પરદ્રવ્યને જાણવામાં રોકાઈ જતાં શુભાશુભભાવ વડે લેપાઈ ગયો છે. આત્મા પોતે પોતાના પુરુષાર્થના અભાવથી લેપાઈ ગયો છે.

ભાવકર્મ છે તે પોતાનો અપરાધ છે. પોતાનું સ્વરૂપ જ્ઞાતા–દ્રષ્ટા છે, અબંધ સ્વરૂપ છે, જ્ઞાયકસ્વરૂપ છે પણ પોતાના અપરાધથી પુણ્ય–પાપના ભાવમાં રોકાઈ જાય છે તે ભાવબંધ છે. આત્મા જ્ઞાન ને દર્શનથી ભરેલો સર્વજ્ઞ ને સર્વદર્શી સ્વભાવી છે પણ પોતાના અપરાધથી રાગમાં રોકાઈ જવાથી આત્મા ભાવકર્મથી લેપાઈ ગયો છે.

પુણ્યભાવ તે રાગ છે, પોતાનો અપરાધ છે, તેનાથી ધર્મ કેમ થાય? પોતાના સર્વજ્ઞ ને સર્વદર્શી સ્વભાવને ભૂલીને રાગમાં રોકાઈ જાય છે તે પોતાના અપરાધથી છે. જડકર્મના લીધે રાગમાં રોકાઈ ગયો નથી પણ પોતાના પુરુષાર્થના અપરાધથી અટકી ગયો છે. લોકાલોકને જાણવા–દેખવાનો સ્વભાવ હોવા છતાં પોતાના અપરાધથી પોતાને ભૂલીને

રાગમાં અટકી ગયો છે તેથી ભાવકર્મ સાથે આત્મા વ્યાપ્ત થયો છે. જડકર્મ પુદ્‌ગલ છે, તેની સાથે આત્મા વ્યાપ્ત કેમ થાય ? પોતાના અપરાધથી ભાવકર્મ સાથે આત્મા વ્યાપ્ત થયો છે.

તેનો અપરાધ એટલો કે જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવને ભૂલી ગયો ને રાગમાં રોકાઈ ગયો. તેથી સર્વને સર્વપ્રકારે જાણનારા એવા પોતાને જાણતો નથી. સર્વને સમસ્ત પ્રકારે જાણનાર–દેખનાર એવું આત્માનું સ્વરૂપ છે પણ પોતાના પુરુષાર્થના અપરાધથી રાગમાં રોકાઈ ગયો હોવાથી પોતે પોતાને જ જાણતો નથી.

સર્વને જાણવું–દેખવું એવો જેનો સ્વભાવ છે એવા પોતાના આત્માને જ તે દેખતો નથી. કેમ કે બંધ–અવસ્થામાં પોતાના અપરાધથી રાગમાં રોકાઈ ગયો છે. સર્વને જાણનાર એવા પોતાને તું જાણતો નથી ને બીજાને જાણવામાં તું રોકાઈ ગયો તે તારો પોતાનો જ અપરાધ છે.

જેમણે સર્વજ્ઞ–સર્વદર્શી આત્માને પૂર્ણપણે જાણ્યો છે એવા સર્વજ્ઞદેવની વાણીમાં એમ આવ્યું કે તું તો સર્વજ્ઞ–સર્વદર્શી સ્વભાવવાળો છે. સમસ્ત વિશ્વને જાણનાર–દેખનાર છો, છતાં તારા અપરાધ વડે પુણ્ય–પાપમાં એકાકાર થવાથી ભાવકર્મથી વ્યાપ્ત થયો હોવાથી તું તને જાણતો નથી. સર્વને સંપૂર્ણ પ્રકારે જાણવા–દેખવાવાળું તું દ્રવ્ય છો, પણ તારી પર્યાયમાં તારા અપરાધ વડે તું રાગમાં એકાકાર થયો છો તેથી તું તને જાણતો નથી.

તું પરમાત્માસ્વરૂપ છો માટે જાણવા–દેખવાનું જ તારું સ્વરૂપ છે. તું સર્વજ્ઞ–સર્વદર્શી સ્વભાવવાળો છો, પણ તેને ન જોતા રાગને જાણવામાં અટક્યો છો તેથી સર્વને જાણનાર એવા તને જાણતો નથી. રાગમાં રોકાયો છો – બંધમાં અટક્યો છો, માટે સર્વને સર્વપ્રકારે જાણનાર એવા પોતાને જાણતો નથી. સર્વને જાણતો નથી એમ નથી કહ્યું પરંતુ સર્વને જાણનાર એવા પોતાને જાણતો નથી તેમ કહ્યું છે.

સંવત ૪૯ માં શ્રી કુંદકુંદાચાર્યદેવ સદેહે મહાવિદેહમાં ગયા હતા, ત્યાં ભગવાન શ્રી સીમંધરસ્વામીની સાક્ષાત્ વાણી સાંભળી હતી. ત્યાંથી આવ્યા પછી આ શાસ્ત્રોની રચના કરી. તેમાં એમ કહ્યું કે હે ભવ્ય ! તું સર્વજ્ઞ–સર્વદર્શી સ્વભાવી છો પણ બંધની અવસ્થામાં પર્યાયમાં તારા પોતાના અપરાધથી રાગમાં એકાકાર થતા સર્વને સંપૂર્ણ પ્રકારે જાણનાર એવા પોતાને જ તું જાણતો નથી.

આત્મદ્રવ્ય સ્વભાવથી સર્વને જાણનાર–દેખનાર છે તોપણ અનાદિથી પોતાના અપરાધ વડે ભાવકર્મથી ઢંકાયેલો છે. ભાવકર્મ એ આત્મસ્વભાવના ઘાતક છે, તેને માનીને તેની રુચિમાં જીવ રોકાયો હોવાથી પોતે જ પોતાને જાણતો નથી, માટે અજ્ઞાનદશા વર્તે છે.

[ અનુસંધાન પાનું ૬ ૫૨ ]

# પક્ષાતિક્રાન્ત જીવ જ સમયસારને અનુભવે છે

**એકદમ નિર્વિકલ્પ થઈ શકે નહીં, તેથી પહેલાં સર્વજ્ઞદેવે કહેલા પરમાગમ દ્વારા 'હું વિજ્ઞાનઘન પરમાત્મસ્વરૂપ છું' એમ રાગ મિશ્રિત વિકલ્પ દ્વારા પ્રથમ નિર્ણય કરવો. આવો નિર્ણય કરીને પછી અત્યંત વિકલ્પથી રહિત થવા મતિશ્રુત-જ્ઞાનને પર તરફથી પાછું વાળી સ્વસન્મુખ ઝુકાવતાં તત્કાલ નિજ રસથી આત્મા અનુભવાય છે. તે જ સમયસાર છે.**

[ તા. ૧૩–૧૦–૭૬ ના સમયસાર પરના પ્રવચનમાંથી ]

હું એક છું, શુદ્ધ છું આદિ પક્ષ છે તે વિકલ્પ છે, તેને જે છોડી દે છે અર્થાત્ જે પક્ષાતિક્રાન્ત છે તે જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે તે વાત આચાર્યદેવ સમજાવતાં કહે છે કેઃ–

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. (૧૪૪)**

જ્ઞાતા–દ્રષ્ટાના સ્વભાવથી ભરેલી વસ્તુ અનાદિની છે, તેમાં દયા–દાનના વિકલ્પો તો નથી, પણ હું શુદ્ધ છું આદિ વિકલ્પ પણ નથી. શુદ્ધ–બુદ્ધ આદિ વિકલ્પો અખંડ વસ્તુને ખંડિત કરે છે. તેવા વિકલ્પો આત્માના સ્વરૂપમાં નથી, તેઓ નુકશાન કારક છે. તેઓ અભેદ વસ્તુને ખંડિત કરે છે. ખંડિત કરે છે એટલે ? વસ્તુ ખંડિત થતી નથી પણ અભેદ દ્રષ્ટિ રહેતી નથી. અભેદ વસ્તુમાં વિકલ્પો ઉઠાવી ભેદ પાડે છે તેથી આત્માનો અનુભવ થતો નથી.

અનંત જ્ઞાન–આનંદમય એવા પોતાના આત્મા પર દ્રષ્ટિ પડતાં–જ્ઞાનની પર્યાય તેમાં એકાગ્ર થતા સમસ્ત વિકલ્પો અટકી જાય છે અને તે જ ખરેખર આત્મા છે, સમયસાર છે. જ્ઞાન–જ્ઞાન એકલો જાણવાના સ્વભાવનો પિંડ તેની દ્રષ્ટિ કરતાં હું શુદ્ધ છું આદિ સમસ્ત નયપક્ષના વિકલ્પોનો નાશ થઈ જાય છે અને તે જ સમયસાર છે. પૂર્ણજ્ઞાનઘન સ્વરૂપમાં એકાગ્ર થતાં વિકલ્પની લાગણી ઉત્પન્ન થતી નથી તેને સમયસાર કહે છે અને

તેને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે, તેને ચોથું ગુણસ્થાન કહે છે.

આત્મા વીતરાગીમૂર્તિ, તેનો અનુભવ, તેને સમ્યગદર્શન ને સમ્યગ્જ્ઞાન નામ મળે છે. તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદા નથી એટલે કે આત્માથી જુદા નથી. જેમ સિદ્ધ ભગવાનને વિકલ્પ તથા પદાર્થથી કાંઈ સંબંધ નથી, તેવો જ આ આત્મા છે, તેને વિકલ્પ ને પર પદાર્થ સાથે કાંઈ સંબંધ નથી, તેમાં વિકલ્પનો અવકાશ નથી, તે છ દ્રવ્યથી ભિન્ન 'સપ્તમ્–દ્રવ્ય' છે.

હવે, નિર્વિકલ્પ થતાં પહેલાં વિકલ્પથી કેવો નિર્ણય કરે છે તે કહે છે; પરંતુ રાગમિશ્રિત નિર્ણયથી નિર્વિકલ્પ થતો નથી. પ્રથમ શું કરે?—કે પ્રથમ રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરે કે જ્ઞાનસ્વરૂપ આત્મા છું. સર્વજ્ઞદેવે કહેલા પરમાગમથી નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. ગુરુ પાસેથી સાંભળીને નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. હજુ સમ્યગ્દર્શન થતું નથી પણ સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તેવી ધગશવાળો આંગણે ઊભેલો જીવ પ્રથમ એમ નિર્ણય કરે છે કે દયા–દાનના ભાવ વિકાર છે, તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વભાવ આત્મા છું. જાણવાના સ્વભાવવાળો અનાદિ–અનંત છું, – આવો વિકલ્પ તે પણ હું નથી. હું જ્ઞાનસ્વભાવ આત્મા છું. પહેલાં વિકલ્પ દ્વારા આવો નિર્ણય કરે છે.

ધર્મની શરૂઆત કઈ રીતે કરવી? – કે જ્ઞાનસ્વભાવ આત્મા કોઈનો કર્તા નથી; દયા–દાનના વિકલ્પ પણ જેમાં નથી તે હું છું, – એમ સર્વજ્ઞે કહેલા શાસ્ત્ર દ્વારા વિકલ્પથી નિર્ણય કરે. એકદમ નિર્વિકલ્પ થઈ શકે નહીં તેથી આંગણામાં ઊભો રહીને મનના સંગે રાગમિશ્રિત નિશ્ચય કરે કે હું તો જ્ઞાનસ્વભાવ આત્મા છું. હું કોઈને મારી કે જીવાડી શકું નહીં, હું તો જાણગ... જાણગ... સ્વભાવી આત્મા છું.

ગુરુ સંભળાવે જો ભાઈ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દયાદાનના ભાવનો કર્તા આત્મા નથી. એમ સાંભળીને વિકલ્પ દ્વારા નિર્ણય કર્યો કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ રીતે વિકલ્પ દ્વારા જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય કર્યો પણ તેનાથી આત્મા પ્રસિદ્ધ થયો નથી, વિકલ્પથી આત્માનો નિર્ણય કર્યો પણ તેનાથી આત્મા અનુભવમાં આવ્યો નથી, તો હવે આત્માની પ્રગટ પ્રસિદ્ધ માટે શું કરવું? આત્મા પ્રસિદ્ધ કેમ કરવો?

અહીં કહે છે કે વિકલ્પથી નિર્ણય કર્યો છે ત્યાં સુધી આત્મા અવ્યક્ત છે, વ્યક્ત થતો નથી. અહીં તો આત્મા કેમ પ્રગટ થાય, વ્યક્ત થાય તેની વિધિ ને રીત બતાવે છે, ભગવાન આત્મા ત્રણે કાળે જ્ઞાતા જ રહ્યો છે આત્માને પ્રગટ કરવા માટે શું કરવું? – કે ઇંદ્રિયો છે તે પર પદાર્થની પ્રસિદ્ધિનું કારણ છે, તેઓ આત્માને પ્રસિદ્ધ

કરનારી નથી. ઇન્દ્રિયો તથા મન દ્વારા પદાર્થો જણાય છે. સર્વજ્ઞદેવ પણ ઇન્દ્રિય દ્વારા જણાય છે. પરંતુ ચૈતન્યહીરલો ઇન્દ્રિયો ને મન દ્વારા પ્રગટ થતો નથી. ચૈતન્યહીરલો પર્યાયમાં પ્રસિદ્ધિ પામે તેના માટેની શું વિધિ ને રીત છે તે વાત ચાલે છે. ઇન્દ્રિય દ્વારા તો પર પદાર્થની પ્રસિદ્ધિ થાય છે, ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય તે ઇન્દ્રિય દ્વારા જણાય છે. પાંચ ઇન્દ્રિય ને મનના શ્રવણવાળું જે જ્ઞાન છે તેને મર્યાદામાં લાવવું એટલે કે બુદ્ધિને આત્મા તરફ ઝૂકાવવી–મતિજ્ઞાનને સ્વસન્મુખ કરવી. જણાવાયોગ પર પદાર્થ તરફ જ્ઞાન ઝૂકેલું હતું હતું તેને મર્યાદામાં લાવવું અર્થાત્ જ્ઞાનને પર તરફથી પાછું વાળીને સ્વસન્મુખ કરવું. ત્યાં સુધી પહોંચીને હવે પછી શું કરવું ? –

અનેક પ્રકારના નયપક્ષ છે તેના આલંબનથી વિકલ્પો ઉત્પન્ન થાય છે જેઓ આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, હું પૂર્ણ છું, નિર્લેપ છું – એવા વિકલ્પો તે પણ આત્માની જાત નથી. ભગવાન ભગવત્ સ્વરૂપ છે તેમાં પરનું કરવું કે પરથી પોતાનું કાંઈક થાય એ તો વાત છે જ ક્યાં ? – પણ હું શુદ્ધ છું, પૂર્ણ છું આદિ વિકલ્પો પણ જેમાં નથી એવો ભગવાન તું પોતે છો.

નયપક્ષોના આલંબનને લીધે વિકલ્પો ઉઠતાં હતા તે આકુળતા હતી, તેથી તે વિકલ્પને મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાનને પણ આત્મસન્મુખ કરવું. વિકલ્પ ઊઠે છે તે બહિર્મુખતા છે તેથી તે વિકલ્પને મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાનને આત્મસન્મુખ કરવું. હું પરમાત્મસ્વરૂપ છું – એવો રાગ ઊઠે છે તેને પણ મર્યાદામાં લાવીને બુદ્ધિને આત્મસન્મુખ કરતો, અત્યંત વિકલ્પથી રહિત થઈને તત્કાળ નિજરસથી આનંદનો અનુભવ પ્રગટ થતાં આત્મા શ્રદ્ધાય છે.

વિકલ્પને છોડીને બુદ્ધિને–જ્ઞાનને અંતરમાં વાળે ત્યારે વિકલ્પ રહિત થઈને નિજરસથી આત્મા પ્રગટ થાય છે. તત્કાળ પ્રસિદ્ધ થાય છે, કેવી રીતે પ્રગટ થાય છે ?—કે નિજરસથી જ પ્રગટ થાય છે, વ્યવહારથી કે દયા–દાનથી તો નહીં પણ હું શુદ્ધ છું, પૂર્ણ છું, એક છું એવા વિકલ્પથી પણ આત્મા પ્રસિદ્ધ થતો નથી પણ નિજરસથી આત્મા પ્રગટ થાય છે.

એ રીતે પર્યાયમાં પ્રસિદ્ધ થયેલો આત્મા કેવો છે ? – કે જેની આદિ નથી, મધ્ય નથી ને અંત નથી. અનાદિ–અનંત છે, એવો ને એવો જ છે. વળી કેવો છે ? – અનાકુળ છે, અતીન્દ્રિય આનંદરૂપ છે.

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટ થાય તેની આ વાત ચાલે છે. પર તરફથી મતિ–શ્રુતને પાછું વાળીને અંતરમાં મતિ–શ્રુતને ઝૂકાવતાં તત્કાળ નિજશક્તિથી તે પ્રગટ થાય છે. વિકલ્પથી, નયપક્ષથી તો અખંડ પદાર્થ ખંડિત થાય છે, શાંતિ હણાય છે. તેથી

તે વિકલ્પને પણ છોડીને જ્યાં મતિ–શ્રુત જ્ઞાનનો ઝૂકાવ આ તરફ થયો ત્યાં પોતાના નિજ રસથી આત્મા પ્રગટ થાય છે. પહેલાં આ વિધિ લક્ષમાં તો લે!

એ રીતે પ્રગટ થતો આત્મા કેવો છે?—કે છે... છે... છે... એવી અનાદિ અનંત વસ્તુ છે. જે હોય તેની આદિ શું ને અંત શું? તે તો અનાદિ અનંત શાશ્વત છે. અનાકુળ આનંદસ્વરૂપ છે, કેવળ એકરૂપ છે. સર્વ જગતને લોકાલોકથી ભિન્ન રહેતો થકો–વિકલ્પથી માંડીને સારાય જગતથી ભિન્ન જાણે સારાયે વિશ્વ ઉપર તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય જણાય છે. એટલે કે જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય આવતું નથી પણ અખંડ દ્રવ્યનો પ્રતિભાસ જ્ઞાનની પર્યાયમાં આવે છે. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ વસ્તુનો પ્રતિભાસ થાય છે, વસ્તુ જેવી છે તેવી જ્ઞાનમાં પ્રતિભાસે છે. પર તરફથી વલણ છૂટીને સ્વ તરફ ઝૂકે છે ત્યાં એ જ્ઞાનપર્યાયમાં એટલી તાકાત છે કે સારીયે વસ્તુનો અખંડ પ્રતિભાસ પર્યાયમાં આવી જાય છે.

વળી કેવી છે વસ્તુ? – અનંત છે, વિજ્ઞાનઘન છે કે જેમાં વિકલ્પનો પણ પ્રવેશ નથી. પરમાત્મસ્વરૂપ છે એવો જે સમયસાર તેનો આત્મા જ્યારે અનુભવ કરે છે એટલે કે આત્માનો અનુભવ કરે છે ત્યારે તે સમયે જ આત્મા સમ્યક્પણે દેખાય છે અને જણાય છે.

જ્યારે આત્મા પોતાના પરમાત્માનો પર્યાયમાં અનુભવ કરે છે તે કાળે આત્માની સમ્યક્શ્રદ્ધા થાય છે. જ્યારે પર્યાયમાં અખંડતાનો પ્રતિભાસ થાય છે. ત્યારે આત્માની સમ્યક્ શ્રદ્ધા થાય છે. ત્રિકાળી પરિપૂર્ણ વસ્તુ, વિજ્ઞાનઘન જેને ભાવબંધ ને ભાવમોક્ષની પણ અપેક્ષા નથી એવી અખંડ વસ્તુનો પોતાના પુરુષાર્થથી જ્યારે આત્મા અનુભવ કરે છે તે કાળે આત્મા સમ્યક્ પ્રકારે શ્રદ્ધાય છે. એમ ને એમ સાંભળે તેમ નહીં, પણ જ્યારે અનુભવ કરે છે ત્યારે આત્મા શ્રદ્ધાય છે. માટે અનુભવે છે તે વખતે જ આત્મા જેવો છે તેવો શ્રદ્ધાય છે. એટલે કે વિકલ્પ દ્વારા નહીં પણ નિર્વિકલ્પ અનુભવ વડે આત્મા શ્રદ્ધાય છે, જણાય છે. તેથી આ કારણે આત્મા પોતે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન આત્માથી કોઈ ભિન્ન ચીજ નથી, વિકલ્પાદિ સકળ વિશ્વથી આત્મા ભિન્ન છે પણ જ્ઞાનથી આત્મા ભિન્ન નથી.

એ રીતે પ્રથમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની પદ્ધતિ ને વિધિ શું છે તે આગમ દ્વારા જાણીને વિકલ્પથી નિર્ણય કરીને પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે તે વિકલ્પથી રહિત થઈને પરમાત્મસ્વરૂપનો અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે અને તે ધર્મનું પ્રથમ સોપાન છે.

# જાણનાર તે કર્તા નથી, કરનાર તે જ્ઞાતા નથી

**વિજ્ઞાનઘન નિજ શુદ્ધાત્માનો આદર છોડી બહારની રાગની ક્રિયાના આદરમાં જે અટકી ગયો છે તેને જ્ઞપ્તિક્રિયા હોતી નથી. જ્ઞાતાપણાની જાણવાની ક્રિયા એટલે કે જ્ઞપ્તિક્રિયાવાળાને ‘કરોતિ’ - ક્રિયા હોતી નથી - રાગના કરવાપણાની ક્રિયા હોતી નથી. જે જાણનાર છે તે કર્તા નથી ને કર્તા છે તે જાણનાર નથી.**

[ તા. ૧૮–૧૦–૭૬ ના સમયસાર કળશ ૯૭ પરના પ્રવચનમાંથી ]

જે રાગના પરિણામની ક્રિયા કરે છે તે જ્ઞાતાપણાની ક્રિયાને કરી શકતો નથી. જ્યાં રાગને કરું છું એવું અંતરમાં ભાસન છે ત્યાં જાણવારૂપી ક્રિયા અંતરમાં નથી, તેથી જાણવારૂપ ક્રિયા ભાસતી નથી. – આવી વસ્તુસ્થિતિ છે એમ પહેલાં જ્ઞાનમાં નિર્ધાર કર !

રાગની ક્રિયાના કરવાના કાળમાં જાણનાર છું એવી ક્રિયા હોતી નથી, તેથી હું જાણનાર છું તેમ ભાસતું નથી. વિજ્ઞાનઘન ભગવાનનો આદર છોડી બહારમાં રાગની ક્રિયાના આદરમાં જે અટકી ગયો છે તેને અંદરની ક્રિયા હોતી નથીઃ તેથી ભાસતી નથી. રાગના પરિણમનની ક્રિયાના કર્તૃત્વના ભાવમાં જાણવાની ક્રિયા હોતી નથી.

જાણવારૂપ ક્રિયામાં એટલે કે જ્ઞાતાપણાની જાણવાની ક્રિયા, શાંતિની ક્રિયાના કાળમાં રાગના કરવારૂપી ક્રિયા હોતી નથી તેથી ભાસતી નથી. સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ થઈને જ્ઞાનની, શ્રદ્ધાની, શાંતિની ક્રિયાના પરિણમનના કાળમાં અશુદ્ધતાની ક્રિયા હોતી નથી તેથી ભાસતી નથી. હું જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવી છું એવી સમ્યગ્દર્શનની ક્રિયાના ભાસમાં રાગની ક્રિયા પણ મારી છે એવું હોતું નથી તેથી ભાસતું નથી. કેમ કે તે વખતે તેને જ્ઞાનની રચના હોય છે તેથી તે વખતે રાગ હોય તેને જાણે છે પણ કરવારૂપ ક્રિયાપણે ભાસતી નથી.

એ રીતે જ્ઞપ્તિક્રિયા અને ‘કરોતિ’ ક્રિયા બંને ભિન્ન છે. એટલે કે જાણનારને જાણવાની ક્રિયા – દેખનારને દેખવાની ક્રિયા તથા ‘કરોતિ’ ક્રિયા અર્થાત્ રાગની ક્રિયા તે બંને ભિન્ન છે.

તેથી એમ સિદ્ધ થયું કે જે જ્ઞાતા છે તે કર્તા નથી. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાતા હોવાથી અશુદ્ધતાનો કર્તા નથી. ચોથા ગુણસ્થાને પણ જ્ઞાની રાગની ક્રિયાનો સ્વામી નહીં થતો હોવાથી તેને એક જ્ઞપ્તિક્રિયા જ છે. એકલી જ્ઞાનધારા જ જ્ઞાનીને છે, રાગ હોવા છતાં તે સમયે પોતાના સ્વપર પ્રકાશક સ્વભાવને લીધે રાગને જાણવાની ક્રિયા સ્વતઃ થાય છે.

જ્ઞાતાનું જ્ઞાનરૂપ પરિણમન થવાના કાળે રાગ હોય છે, છતાં તેના જ્ઞાનના પરિણમનમાં રાગ નિમિત્ત કહેવાય છે. નિમિત્ત કહેતા તે જ્ઞાનના પરિણમનમાં કર્તા નથી. સ્વ–પર પ્રકાશક જ્ઞાનમાં રાગ નિમિત્ત છે. જેમ કેવળી લોકાલોકના જ્ઞાતા છે પણ કર્તા નથી તેમ ચોથા ગુણસ્થાને જ્ઞાની જ્ઞાતા છે તે કર્તા નથી.

હું પરદ્રવ્યને કરું છું – એમ આત્મા પરિણમે છે ત્યારે 'કરોતિ' ક્રિયાનો કર્તા જ છે. અને તે જ્યારે હું પરદ્રવ્યને જાણું છું – એમ જ્ઞાતાભાવે પરિણમે છે ત્યારે જ્ઞપ્તિક્રિયાનો જ કર્તા છે.

અહીં કોઈ પ્રશ્ન કરશે કે ચોથે, પાંચમે તથા છઠ્ઠે ગુણસ્થાને રાગ તો છે, રાગરૂપ પરિણમન તો છે તો તેઓ રાગના જ્ઞાતા કહેવાય કે કર્તા ? – તેનું સમાધાનઃ ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જ્ઞાનીને રાગનું પરિણમન છે પણ રાગના સ્વામીપણારૂપ કર્તાપણું નથી. રાગને જાણે જ છે. જ્ઞાનીને રાગની રુચિ નથી અને છતાં રાગ આવે છે તેથી તે ઉદયના બળથી થાય છે, જ્ઞાની તેને કરતો નથી; માટે જ્ઞાની રાગનો જ્ઞાતા જ છે, કર્તા નથી. અહીં દૃષ્ટિ પ્રધાન કથન છે. તેથી રુચિથી રાગરૂપ પરિણમન થતું નથી માટે રાગરૂપ પરિણમનને ઉદયની બળજોરીથી થાય છે. તેમ આરોપથી કથન કર્યું છે. સમ્યગ્દૃષ્ટિની રુચિ શુદ્ધાત્માની જ હોય છે, રાગાદિની રુચિ હોતી જ નથી. છતાં રાગાદિ આવે છે તેથી ઉદયની બળજોરીથી આવે છે તેમ કહેવાય છે. જ્ઞાની રાગાદિનો અજ્ઞાનપણે કર્તા નથી પણ જ્ઞાતા જ છે. વળી રુચિ વિના થતા રાગાદિનું ફળ પણ તીવ્ર હોતું નથી, અનંત સંસારનું કારણ બનતું નથી. જેમ વૃક્ષનું મૂળ કાપ્યા પછી પાંદડા આદિ થોડા દિન રહે અથવા તરત સૂકાઈ જાય, તેમ જ્ઞાની માટે સમજવું. રુચિ વિના થતા રાગાદિના ફળમાં કદાચિત્ જ્ઞાનીને એકાદ–બે ભવ થાય તોપણ જ્ઞાની તો તે ભવનો પણ જ્ઞાતા જ છે.

**ઘણા જીવો ભાગ્યશાળી છે કે આવું પરમ સત્ય સાંભળવાનું મળ્યું. દિગંબર જૈનધર્મ મળી ગયો. આ સત્યના સંસ્કાર અંદરમાં પડશે એ આગળ વધીને મોક્ષમાં ચાલ્યો જશે. [ પૂ. ગુરુદેવશ્રી ]**

[ આત્મ – અવલોકન..... ટાઈટલ ત્રણથી ચાલુ ]

મનથી દેખવું તે અચક્ષુદર્શન છે અને મનથી આત્માનું અવલોકન સમ્યગ્દ્રષ્ટિને હોય છે. અચક્ષુદર્શન દ્વારા આત્માનું અવલોકન કરે છે તેને મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિના ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયથી સમ્યગ્દર્શન હોય છે. સમકિતી ને મન દ્વારા અચક્ષુથી આત્માનું અવલોકન છે, આત્માની પ્રતીતિ છે તે સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દ્રષ્ટિ ને સાત પ્રકૃતિનો ક્ષયોપશમ છે તેથી અચક્ષુદર્શનથી આત્માનું અવલોકન છે તે સમ્યગ્દર્શન છે. અહીં અવલોકનને સમ્યગ્દર્શનમાં નાખી દીધું છે. એમ કહીને એમ કહ્યું છે કે મિથ્યાદ્રષ્ટિને અચક્ષુદર્શનમાં મન દ્વારા પરનું અવલોકન છે માટે તે મિથ્યાદર્શન છે અને જ્ઞાનીને અચક્ષુદર્શનમાં મન દ્વારા આત્માનું અવલોકન છે માટે તે સમ્યગ્દર્શન છે. ખરેખર તો અચક્ષુદર્શન ને સમ્યગ્દર્શન તે બંને ભિન્ન પર્યાય છે, તેને અહીં સાથે કહી છે.

સામાન્યપણે સત્તાને દેખવું તે દર્શન ને ભેદ પાડીને દેખવું તે જ્ઞાન. પરંતુ અહીં તો સત્તાના અવલોકનમાં સમ્યગ્દર્શન નાખવું છે. તેથી જ્ઞાનીને મન દ્વારા અચક્ષુદર્શનમાં આત્માનું અવલોકન છે – અંતર અવલોકન છે તે સમ્યગ્દર્શન છે તેથી ત્યાં મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષય હોય છે.

મિથ્યાદ્રષ્ટિ તથા અભવી અચક્ષુદર્શનમાં મન દ્વારા પરને અવલોકે છે માટે મિથ્યાદર્શન છે. સમ્યગ્દ્રષ્ટિ અચક્ષુદર્શનમાં મન દ્વારા સ્વને અવલોકે છે તે સમ્યગ્દર્શન છે; કેમ કે સમ્યગ્દ્રષ્ટિને અચક્ષુથી મન દ્વારા સ્વના અવલોકન કાળે સ્વની પ્રતીતિ હોય છે તેથી જ્ઞાનીને અચક્ષુદર્શનમાં આત્મ – અવલોકન છે તે સમ્યગ્દર્શન છે.

દર્શન, જ્ઞાન ને શ્રદ્ધા ત્રણ ગુણ છે, તેમાં અહીં દર્શનમાં સમ્યગ્દર્શન ને મિથ્યાદર્શન લેવું છે. સામાન્ય દેખવું તે દર્શન, ભેદ પાડીને દેખવું તે જ્ઞાન. સામાન્ય દર્શનમાં સમ્યગ્દર્શન કઈ રીતે આવે? – કે અચક્ષુદર્શનમાં મિથ્યાદ્રષ્ટિ દ્વારા સત્તા–અવલોકનમાં માત્ર પરને જ દેખે છે માટે તે મિથ્યાદર્શન છે, જ્યારે જ્ઞાની અચક્ષુદર્શનમાં મન દ્વારા સ્વને દેખે છે તેથી સમ્યગ્દર્શન છે. બંનેનાં દેખવામાં મોટો ફેર છે. અજ્ઞાની મન દ્વારા બાહ્યમાં દેખે છે, જ્ઞાની મન દ્વારા અંતરમાં દેખે છે.

અચક્ષુદર્શનમાં મન દ્વારા 'આ આત્મા છે' એવો ભેદ તેના વિષયમાં નથી, પણ પર્યાય આ બાજુ ઢળી તેથી સામાન્યને–સ્વને અવલોકે છે તેમ કહ્યું, ને સ્વનું અવલોકન છે તે સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શનમાં થતાં આખા આત્માની પ્રતીતિ આવતાં અચક્ષુદર્શનમાં આખો આત્મા અવલોકનમાં આવતાં, અચક્ષુદર્શનની પર્યાયના કાળમાં પ્રતીતિ આદિ અનંતગુણની પર્યાય પ્રગટી છે, અનંતગુણની અનંતી પર્યાય પ્રગટી છે.

અહીં કેવળજ્ઞાનની વાત નથી, છદ્મસ્થની વાત છે. છદ્મસ્થને આત્માનું અવલોકન મનથી થાય છે અને તે આત્મઅવલોકનમાં મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષય હોય છે. અચક્ષુદર્શનમાં મન દ્વારા આત્મ–અવલોકન તે સમ્યગ્દ્રષ્ટિને તત્ત્વાર્થ–શ્રદ્ધાનરૂપ હોવાથી તે મોક્ષનું કારણ છે. કેમ કે અચક્ષુદર્શનમાં મન દ્વારા આત્મા–અવલોકનમાં શુદ્ધાત્મા ઉપાદેય છે એમ દ્રષ્ટિમાં સમ્યગ્દ્રષ્ટિને આવ્યું છે તેથી તે દર્શન મોક્ષનું કારણ છે.

સામાન્ય અવલોકનમાં પર્યાય સ્વ તરફ ઢળી છે કે પર તરફ ઢળી છે તેની વાત છે. સ્વ અવલોકનવાળાને સમ્યગ્દર્શન કેમ છે ને પર અવલોકનવાળાને મિથ્યાદર્શન કેમ છે તે વાત ચાલે છે. અચક્ષુદર્શનની પર્યાયમાં જ્ઞાનીને મન દ્વારા પર્યાયમાં અંદરમાં ગઈ માટે આત્મ–અવલોકન છે તે તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ હોવાથી સમ્યગ્દર્શન છે. મિથ્યાદ્રષ્ટિને અચક્ષુદર્શનની પર્યાયમાં મન દ્વારા પર્યાય બહારમાં સ્થૂળ પરદ્રવ્યોનું અવલોકન કરે છે તેને તત્ત્વાર્થશ્રદ્ધાન નથી. માટે તેને મિથ્યાદર્શન છે. સમ્યગ્દ્રષ્ટિને અચક્ષુદર્શનમાં મન દ્વારા સ્વનું અવલોકન છે અને સ્વના અવલોકનમાં તત્ત્વાર્થશ્રદ્ધાન છે અને તત્ત્વાર્થશ્રદ્ધાન હોવાથી શુદ્ધાત્મા જ ઉપાદેય છ તેમ પ્રતીતિ છે, માટે સમ્યગ્દ્રષ્ટિને અચક્ષુદર્શનમાં આત્મ – અવલોકન હોવાથી તે સમ્યગ્દર્શન છે.

**નામધારી જૈન હોય તેને પણ રાત્રિના આહાર ન હોય. રાત્રિના ઝીણી જીવાંત ખોરાકમાં પડે છે તેથી તે ત્રસનો ખોરાક હોવાથી જૈન હોય તેને રાત્રિના આહાર ન હોય. ત્રસ જીવો જેમાં હોય એવા અથાણા વિગેરે પણ ન હોય.**

**( પૂ. ગુરુદેવશ્રી )**

ગતાંક થી ચાલુ –

## અ ધ્યા ત્મ વા ર સો

### ( આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯૬ | શ્રી ચુનીલાલ જેઠાલાલ શાહ | કલકત્તા | ૨૧૯ | શ્રીમતી કલાબેન વિક્રમકુમાર શેઠ | હળવદ |
| ૧૯૭ | " નંદલાલ શીવલાલ દેસાઇ | " | ૨૨૦ | " પ્રફુલચંદ પરમાણંદ ઠોસાણી | ભીલાઈ |
| ૧૯૮ | " રમણીકલાલ વીરચંદ મોટાણી | " | ૨૨૧ | " મધુકરભાઈ જૈન | જલગાંવ |
| ૧૯૯ | " વીરચંદ કાનજીભાઈ મોટાણી | " | ૨૨૨ | " ધીરજલાલ મગનલાલ શાહ | સીકંદરાબાદ |
| ૨૦૦ | " પ્રેમચંદ ઓઘડભાઈ ગોસલીયા | ચુડા | ૨૨૩ | " ગીરીશકુમાર જગજીવનદાસ જૈન | દિલ્હી |
| ૨૦૧ | " રમણીકલાલ નાગરદાસ | કોઈમ્બતુર | ૨૨૪ | શ્રી ચીમનલાલ છોટાલાલ જોબાલીયા | મુંબઈ |
| ૨૦૨ | " હરખચંદજી સોંગાજી | આહોર | ૨૨૫ | " ભાનમલ મુલાજી | શીયાણા |
| ૨૦૩ | શ્રીમતી અમૃતબેન પ્રેમજી જૈન | મુંબઈ | ૨૨૬ | " સૌભાગ્યચંદ મોતીચંદ મોદી | રાજકોટ |
| ૨૦૪ | " રેશમબાઈ સોમચંદ | ખંડવા | ૨૨૭ | " બીપીનચંદ્ર રતિલાલ | અમદાવાદ |
| ૨૦૫ | " અલ્પાબેન મનહર દોશી | મુંબઈ | ૨૨૮ | શ્રીમતી સૂર્યકલાબેન રમેશ શાહ | મુંબઈ |
| ૨૦૬ | શ્રી ભોગીલાલ શીવલાલ | અમદાવાદ | ૨૨૯ | " અજવાળીબેન પ્રાણલાલ ગોડા | " |
| ૨૦૭ | " પ્રવીણચંદ્ર નવલચંદ મહેતા | મુંબઈ | ૨૩૦ | શ્રી જીતેન્દ્ર કેશવલાલ શાહ | " |
| ૨૦૮ | " રસીકલાલ વી. સંઘવી | કલકત્તા | ૨૩૧ | " ભરત પ્રેમચંદ શાહ | મોમ્બાસા |
| ૨૦૯ | " ભરતકુમાર મયાભાઈ શાહ | મુંબઈ | ૨૩૨ | " હર્ષદભાઈ એમ. મેતા | સીકંદરાબાદ |
| ૨૧૦ | શ્રીમતિ તારાબેન ચીમનલાલ શ્રોફ | " | ૨૩૩ | " સુરેન્દ્રકુમાર જૈન | ઇન્દોર |
| ૨૧૧ | શ્રી છગનરાજજી ભંડારી | મદ્રાસ | ૨૩૪ | " મણીલાલ મોહનલાલ શાહ | મોમ્બાસા |
| ૨૧૨ | " જવેરચંદ પી. શાહ | નાઈરોબી | ૨૩૫ | " ઇન્દ્રવદન કેશવલાલ શાહ | માલાવાડા |
| ૨૧૩ | " નપુસા પન્નાલાલ જૈન | મલકાપુર | ૨૩૬ | " શુભકરન ભેરૂદાન | સરદારશહર |
| ૨૧૪ | શ્રીમતી શારદાબેન | ભીલાઈ | ૨૩૭ | " વાડીલાલ પોપટલાલ ગોસલીયા | મુંબઈ |
| ૨૧૫ | શ્રી અમૃતલાલ અવિચળ દેસાઈ | મુંબઈ | ૨૩૮ | " નગીનદાસ હરગોવીંદદાસ અજમેરા | " |
| ૨૧૬ | શ્રીમતી ચંપાબેન ત્રીકમલાલ | અમદાવાદ | ૨૩૯ | " જયંતીલાલ ચીમનલાલ શાહ | સુરત |
| ૨૧૭ | શ્રી સુમતીલાલ ટી. દેસાઈ | કલકત્તા | ૨૪૦ | " જેઠાલાલ દેવરાજ શાહ | નાઈરોબી |
| ૨૧૮ | " જયંતીલાલ ભોગીલાલ | અમદાવાદ | | | |

[ અનુસંધાન પાનું ૨૦ ]

## સંતો દ્વારા જ્ઞાનધનની લાણી.......... [ ટાઈટલ બેથી ચાલુ ]

શિષ્યે આગળ–પાછળના કથનને બરાબર પકડયું છે ને તેથી તે બે કથનનો મર્મ સમજવાની તેને ધગશ થઈ છે તેમ જાણીને મુનિરાજ શિષ્યને સમાધાન કરાવે છે કે તે ઉત્તમ પુરુષોને ગૃહસ્થાશ્રમમાં, શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ નિશ્ચય સમકિત છે. પરંતુ ચારિત્રની પ્રધાનતાથી અહીં વીતરાગ ચારિત્રથી તન્મય તે નિશ્ચય સમકિત છે એમ કહીને નીચલી ભૂમિકાવાળાને–ચોથા–પાંચમા–છઠ્ઠા ગુણસ્થાનવાળાને નિજ શુદ્ધાત્માની ઉપાદેયતારૂપ નિશ્ચય સમકિત હોવા છતાં સાથે ચારિત્રનો દોષ છે તે અપેક્ષાએ તેને સરાગ સમકિત કહીને વ્યવહાર કહેવામાં આવ્યો છે. ચોથા–પાંચમા તથા છઠ્ઠા ગુણસ્થાનવાળા સમ્યગ્દ્રષ્ટિનું ધ્યેય પૂર્ણ દ્રવ્ય જ છે, નિજ શુદ્ધાત્માને જ ઉપાદેય બનાવ્યો છે તેથી તેને નિશ્ચય સમકિત જ છે પણ તેને અસ્થિરતાનો દોષ છે તેથી વીતરાગતા નથી, માટે ચારિત્રની પ્રધાનતાથી અહીં કથન કરવામાં આવ્યું હોવાથી ચોથા–પાંચમા–છઠ્ઠા ગુણસ્થાનવાળાના નિશ્ચય સમકિતને અહીં સરાગ સમકિત કહીને વ્યવહાર સમ્યક્ત્વ કહેલ છે. વીતરાગતા નથી તે અપેક્ષાને મુખ્ય કરીને નિશ્ચય સમકિતને વ્યવહાર કહેલ છે.

બાપુ ! આ સમજે છૂટકો છે. એના દુઃખ એ સિવાય મટશે નહીં. એના ( –તારા ) દુઃખની શી વાત કરવી ? દેવના સુખ પણ ક્લેશ છે, તે મટાડવા માટે પ્રથમ સમ્યગ્દર્શન કરવું જોઈએ. તે કેમ થાય ? કે પૂર્ણ નિજ શુદ્ધાત્માને પર્યાયમાં ધ્યાનનો વિષય બનાવીને તેને ઉપાદેય બનાવે તો સમ્યગ્દર્શન થાય; અને તે સમ્યગ્દર્શનને નિશ્ચય સમકિત કહે છે. તેથી ચોથા, પાંચમા, ને છઠ્ઠા ગુણસ્થાને પણ નિશ્ચય સમકિત છે. પરંતુ તે ભુમિકામાં વીતરાગતા પ્રગટી નથી તેથી વીતરાગતાની પ્રધાનતાથી તે નિશ્ચય સમકિત અહીં સરાગ સમકિતને કહીને વ્યવહાર સમકિત કહેલ છે. આત્મા વીતરાગસ્વરૂપ છે તેનો અનુભવ થયો છે તેથી તે નિશ્ચયસમકિત છે પણ વીતરાગતા પ્રગટી નથી તેથી વીતરાગતાની પ્રધાનતાથી સરાગ સમકિત કહીને વીતરાગતા પ્રગટ કરવા તેને વ્યવહાર સમકિત કહેલ છે.

છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચય રત્નત્રય તો છે પણ સાથે રાગ છે તેથી તેને સરાગ સમકિત ગણવામાં આવ્યું છે. પોતાનો શુદ્ધાત્મા ઉપાદેય છે એવી દ્રષ્ટિ ચોથા ગુણસ્થાનથી જ છે. પણ ચારિત્રના દોષને લઈને સાથે રાગ છે તેથી સરાગ સમકિત કહેલ છે. પણ કોને ?–કે જેણે નિજ શુદ્ધાત્માને ઉપાદેય બનાવ્યો છે અને અસ્થિરતાનો રાગ સાથે છે તેને. પરંતુ જેણે નિજ શુદ્ધાત્માને ઉપાદેય કર્યો નથી અને દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા–ભક્તિ તથા પંચ મહાવ્રતાદિ કરે છે તેને સરાગ સમકિત કહેલ નથી. નિશ્ચય સમકિતવાળાને નીચલી ભૂમિકામાં સાથે રાગ છે તેથી તે નિશ્ચય સમકિતને અહીં સરાગ સમકિત કહેલ છે. પછી જ્યારે વીતરાગ ચારિત્ર થાય છે ત્યારે તે સમકિતને નિશ્ચય સમકિત કહેવાય છે.

જ્યાં સુધી નિજ શુદ્ધાત્માની અખંડ ભાવના નથી એટલે કે અખંડ સ્થિરતા નથી ત્યાં સુધી ભરત પાંડવ આદિ, તીર્થંકરદેવનું તથા સિદ્ધોનું ગુણસ્તવન તથા વસ્તુસ્તવન કરતા હતા, ભક્તિ–પૂજા કરતા હતા, મુનિઓને આહારદાન આદિ કરતા હતાં. નિશ્ચય સમકિત હોવા છતાં વિષય–કષાય આદિ સાંસારિક ભાવોને રોકવા માટે ભક્તિ આદિ કરતા હતા. તે કરવા લાયક છે એમ સમ્યગ્દ્રષ્ટિની દ્રષ્ટિમાં નથી. જ્ઞાન જાણે છે કે પર્યાયમાં શુભરાગ થાય છે તેનો કર્તા–ભોક્તા હું છું, છતાં કરવા લાયક છે એમ જાણતા નથી. પણ વિષય–કષાય આદિ રોકવા શુભભાવરૂપ વ્યવહાર આવે છે. જેટલા પ્રમાણમાં તીવ્ર કષાય ( – અશુભ રાગ ) ઘટાડે છે તેટલી સંસારની સ્થિતિ ઘટે છે. પણ કોને ? – કે નિશ્ચય સમકિતીને. એ રીતે નિશ્ચય સમકિતીને ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને શુભરાગ આવે છે, ચારિત્રનું જોર નથી તેથી વીતરાગતાની પ્રધાનતાથી, વીતરાગતા પ્રગટ કરવા રાગ સહિતના નિશ્ચય સમકિતને સરાગ સમકિત કહીને વ્યવહાર સમકિત કહેલ છે. શુભરાગના સંબંધથી નિશ્ચય સમકિતને અહીં વ્યવહાર કહેલ છે.

બીજી રીતે સરાગ સમકિત એટલે કે રાગ સહિતનું સમકિત તે વીતરાગ ચારિત્રથી તન્મય એવા નિશ્ચય સમકિતનું પરંપરા કારણ છે. તેથી સરાગ સમકિતને નિશ્ચય સમ્યક્ત્વ પણ કહેવામાં આવે છે.

અહીં ચારિત્રનું વજન દેવું છે, આત્મા વીતરાગ સ્વરૂપ જ છે, તે વીતરાગતા જ્યાં સુધી પર્યાયમાં ન આવે ત્યાં સુધી અસ્થિરતા છે, રાગ છે તે અપેક્ષાએ છઠ્ઠા ગુણસ્થાન સુધી સરાગ સમકિત કહેલ છે અને જ્યારે પર્યાયમાં વીતરાગ ચારિત્ર પ્રગટે છે અર્થાત્ સાતમે ગુણસ્થાને વીતરાગ સ્વરૂપમાં ઠરી જાય છે તેને નિશ્ચય સમકિત કહે છે.

એક બાજુ એમ કહે છે કે ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એક બાજુ એમ કહે કે સમ્યગ્દર્શનની પર્યાય તે પર્યાયના ષટકારકથી થાય છે, તેને દ્રવ્ય–ગુણની અપેક્ષા નથી, બીજા ગુણની–પર્યાયની પણ અપેક્ષા નથી, ત્યાં કર્મનો અભાવ હોય તો સમકિત થાય એ વાત તો ક્યાં રહી ? આવી વસ્તુસ્થિતિને જેમ છે તેમ જાણે નહીં ત્યાં સુધી સમ્યગ્દર્શન થાય નહીં.

ભાઈ ! તું શરીર–વાણી–મન ને રાગને ભૂલી જા. તે તારામાં નથી. અરે ! તારી નિર્મળ પર્યાયને પ્રગટ થવામાં દ્રવ્ય–ગુણની અપેક્ષા નથી, પૂર્વ પર્યાયના વ્યયની અપેક્ષા નથી ત્યાં વ્યવહારથી થાય એ વાત ક્યાં રહી ? પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે. પર્યાય સ્વતંત્ર જ થાય છે એમ નક્કી કરતાં તેનું લક્ષ ક્યાં જાય ? – કે દ્રવ્ય તરફ જ લક્ષ જાય. અને તેનું નામ જ પુરુષાર્થ છે. દ્રવ્ય તરફ લક્ષ જતાં જ્ઞાનમાં દ્રવ્યનું જ્ઞાન આવે પણ

દ્રવ્ય આવતું નથી. સત્‌નો જેને નિર્ણય થાય તેની દ્રષ્ટિ ઉપર જ જાય. આ જ કરવાનું છે, બાકી બધું તો ધૂળ–ધાણી છે.

વીતરાગસ્વરૂપ ભગવાન છે. તેની પ્રતીતિ તે નિશ્ચય સમકિત છે. તે પ્રતીતિને પણ પરમાત્માની અપેક્ષા નથી. પર્યાય માત્ર સ્વતંત્ર છે. એક એક પર્યાય સત્‌ છે, સત્‌ છે તેને પરનો હેતુ હોય નહીં, સત્‌ અહેતુક હોય. તેથી નિર્મળ પર્યાયને દ્રવ્ય–ગુણની અપેક્ષા નથી. આવું નક્કી કરનારી દ્રષ્ટિ જશે ક્યાં ? – કે ભૂતાર્થ દ્રવ્ય ઉપર જ દ્રષ્ટિ જશે, તેથી ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે તેમ કહ્યું છે.

અહીં ચાલતી ગાથામાં મુનિરાજ કહે છે કે ખરેખર વિચારવામાં આવે એટલે કે વીતરાગતાની અપેક્ષાએ વિચારતા ગૃહસ્થાવસ્થામાં નિજશુદ્ધાત્માની ઉપાદેયતારૂપ જે નિશ્ચય સમકિત છે તે સરાગસમકિત છે અને તેથી તે વ્યવહાર છે.

[ પાનું ૧૭ થી ચાલુ ]

| | | |
|---|---|---|
| ૨૪૧ | શ્રી જીતેન્દ્ર મણીલાલ શેઠ | મુંબઈ |
| ૨૪૨ | મીસીસ એસ. જી. કાપડીયા | U. S. A. |
| ૨૪૩ | શ્રી દોલતરાય નૌતમલાલ મોદી | રાજકોટ |
| ૨૪૪ | " નેમીચંદજી પાટની | આગ્રા |
| ૨૪૫ | " રમણીકલાલ રતીલાલ શાહ | મુંબઈ |
| ૨૪૬ | શ્રીમતી શીલાબેન હિંમતલાલ મેતા | " |
| ૨૪૭ | શ્રી મેઘજી વાઘજી હરીયા | નાઈરોબી |
| ૨૪૮ | " અમૃતલાલ વી. હરીયા | " |
| ૨૪૯ | " ધીસાલાલજી લૌગ્યા | ઈન્દોર |
| ૨૫૦ | " ચંદુલાલ કે. શાહ | મુંબઈ |
| ૨૫૧ | " શાંતીલાલ જયંતીલાલ કામદાર | મદ્રાસ |
| ૨૫૨ | " અનીલકુમાર બાબુલાલ શાહ | મુંબઈ |
| ૨૫૩ | " શામજી ભાણજી શાહ | મુંબઈ |
| ૨૫૪ | શ્રીમતી ચંદ્રાબેન ન્યાલચંદ | મુંબઈ |
| ૨૫૫ | શ્રી સાકરલાલ બી. મેતા | મુંબઈ |
| ૨૫૬ | શ્રીમતી જ્યોતિબેન શાહ | મુંબઈ |
| ૨૫૭ | મે. રાજસેન્ટર પ્રાઈઝીઝ | મુંબઈ |
| ૨૫૮ | શ્રી પ્રાણજીવન હરજીવનદાસ | મુંબઈ |
| ૨૫૯ | " પ્રફુલભાઈ ભવાનભાઈ શાહ | મુંબઈ |
| ૨૬૦ | " દુલીચંદજી જુગરાજજી જૈન | મુંબઈ |
| ૨૬૧ | " ચંદુલાલ પ્રેમચંદ અભાણી | મુંબઈ |
| ૨૬૨ | " પ્રકાશકુમાર રતીલાલ જૈન | મુંબઈ |
| ૨૬૩ | " કાંતીલાલ જીવરાજ માથુકીયા | મુંબઈ |
| ૨૬૪ | શ્રીમતી ભારતીબેન જયવંતલાલ | મુંબઈ |
| ૨૬૫ | શ્રી ડો. અનીલ મોદી | મુંબઈ |
| ૨૬૬ | " છગનરાજ જૈન | મદ્રાસ |
| ૨૬૭ | " જેચંદભાઈ હરિલાલ ધોળકીયા | મુંબઈ |
| ૨૬૮ | સ્વ. ચીમનલાલભાઈ ભાયલાલ | સુરત |
| ૨૬૯ | મે. નીરમલા ગારમેંટસ | બેંગ્લોર |

[ ક્રમશઃ ]

## સુગમ - દ્રષ્ટાંત... ગહન - સિદ્ધાંત

# અજ્ઞાનીના મિથ્યા - પ્રત્યક્ષનું પોગળ

એક નાનકડું ગામ હતું. તેમાં એક આપા રહેતા હતાં. આપાને ઘોડાનો બહુ શોખ હતો. તેથી સારા ઘોડાને આપા જુએ ત્યાં ઘોડાની માફક એનું મન પણ થનગની ઊઠે. આપા એકવાર બહાર ગામ ગયા, ત્યાં તેને એક ભારે ઠગ મળી ગયો. આપાના શોખની વસ્તુ જાણતાં આપાને ઠગી લેવાનો ઉપાય તેને મળી ગયો. ખેતરમાં જઈને અરધા–અરધા મણના બે મોટા કોળા ઠગ લઈ આવ્યો અને આપા ને કહ્યું કે આપા! હું જંગલમાંથી બહુ ઊંચી જાતના વછેરાના બે ઇંડા લાવ્યો છું. આમાંથી બગલાની પાંખ જેવા ધોળા અને આકાશગામી ઘોડા પાકે એવા આ ઇંડા છે. ઠગની વાત સાંભળતાં આપાના હરખનો પાર ન રહ્યો. આપાએ ઘણાય ઘોડા જોયા હતાં પણ આકાશગામી ઘોડા કદી જોયા ન હતા. આપાએ તરત સોદો નક્કી કર્યો અને બંને ઇંડાના પાંચ–પાંચ હજાર રૂપિયા રોકડા નગદ આપી દીધા, અને મનમાં હરખાતાં હરખાતાં, પોતાને ગામ આવવા નીકળ્યા. રસ્તામાં એક મોટા ઝાડની ડાળી નીચે ભાતુ ખાવા માટે બેઠા અને પેલા વછેરાના ઇંડાને (કોળાને) ઝાડની ડાળી ઉપર લટકાવ્યા. અચાનક પવનનું એક ઝાપટું આવી જતાં, બંને કોળા ડાળ ઉપરથી નીચે પડયા. અને બંને કોળા ફૂટી જતાં મોટો અવાજ થયો, તેની બાજુની ઝાડીમાં છુપાઈને બેઠેલા બે સસલાના બચ્ચાએ ભારે દોટ મૂકી. ભયના માર્યા પવન વગે ભાગ્યા. બંને કોળા ડાળીએથી પડયા અને એ જ સમયે સસલાના ધોળા ફૂલ જેવા બંને બચ્ચાને પવન વેગે દોડતાં આપાએ પ્રત્યક્ષ જોયાં. અને આપા પણ વછેરા સમજીને તેને પકડવા પાછળ દોડયા. પણ એ સસલા કાંઈ હાથ આવે! આપા નિરાશ થઈને પાછા વળ્યાં. તેમને પાકી ખાત્રી થઈ ગઈ કે ઠગે જેવા વછેરાં કહ્યાં હતા તેવા તેજ હતા. આપા પોતાને ગામ આવ્યા અને પોતાના ડાયરાની વચ્ચે પોતાની વીતક વાત બધાને કહી સંભળાવી. આપાની વાત સાંભળી બધાએ કહ્યું કે વછેરાના ઇંડા દુનિયામાં કદી હોય જ નહિ, ઇંડા તો પક્ષીના જ હોય. આપાની વાત બધાએ ઉડાડી દીધી, આપાની વાત સ્વીકારવા કોઈ તૈયાર ન થયું. આપાએ કહ્યું કે મેં પ્રત્યક્ષ નજરે જોયેલી વાત છે.

પોતાની વાતની બધાને ખાત્રી કરાવવા આપા બધાને ઘટનાના સ્થળે પેલા સ્થળે પેલા ઝાડ પાસે લઈ આવ્યા. અને બધાને પેલા ફૂટી ગયેલા વછેરાના ઇંડા બતાવ્યા. તો બધાએ કહ્યું કે આપા આ તો કોળા છે, આ ઇંડા નથી. બહુ ભૂલ્યા આપા! તમને કોઈએ ભારે છેતર્યાં છે. પણ આપા પોતે પ્રત્યક્ષ જોયેલી વાત ખોટી માનવા તૈયાર ન થયા. એવામાં ફરીને ઝાડીમાં સંતાઈ ગયેલા પેલા બંને સસલાના બચ્ચા, કોલાહલના અવાજથી ગભરાઈને ઝાડીમાંથી ભાગવા માંડયાં ત્યાં પેલા આપા બોલી ઉઠયા 'જુઓ જુઓ ! એ ભાગ્યા બંને વછેરા, મેં પ્રત્યક્ષ જોયલું હતું તે ખોટું કેમ હોય ? '

સસલાના બચ્ચાને ભાગતાં જોઈને બધા આપાની પ્રત્યક્ષતાનું પોગળ સમજી ગયા. અને આપાને સમજાવ્યા કે આ તો સસલાના બચ્ચા છે, વછેરા નથી. અને આ વછેરાના ઇંડા નથી પણ કોળા છે. કોળાનું ઝાડ પરથી પડતાં ફુટવું અને તેના અવાજથી એ જ સમયે ઝાડીમાંથી છુપાઈને બેઠેલા સસલાના બચ્ચાનું ભાગવું આ બંને ક્રિયા એક સમયે જોતાં તમને ભ્રમ પડયો છે. તમને ઠગે ભારે ઠગી લીધા છે. આમ બીજા દ્વારા સમજાવવાથી પોતાની મિથ્યા પ્રત્યક્ષતાનું પોગળ આપા સમજી ગયા. અને ખૂબ પસ્તાયા.

## ❁ આપાની કથા ઉપરથી મળતો સિદ્ધાંત - બોધ ❁

અજ્ઞાની જીવ એમ માને છે કે આ શરીરને હું ચલાવું છું, ભાષા હું બોલું છું. દેહ–સંબંધી જે કાંઈ ક્રિયા છે તે હું જ કરૂં છું, આમ અનેક પ્રકારની શરીરની ક્રિયાઓને હું જ કરી રહ્યો છું. એ ક્રિયાઓ પ્રત્યક્ષ મારી ઇચ્છાનુસાર થાય છે, આમ ઇચ્છાનું થવું, અને દેહ સંબંધી ક્રિયાઓનું થવું, બંને એક કાળમાં થતું જોઈને, આપાની માફક અજ્ઞાનીને ભ્રમ થઈ રહ્યો છે. ખરેખર શરીર સંબંધી ક્રિયાને પુદ્‌ગલના પરમાણુઓ પોતાની ક્રિયાવતીશક્તિના કારણે પોતાથી જ કરી રહ્યા છે. અમૂર્તિક આત્મા મૂર્તિક શરીરની એક પણ ક્રિયાને કરવાનું સામર્થ ધરાવતો નથી. આમ છતાં, દેહ અને આત્માની પૃથકતા અને સ્વતંત્રતાનું અજ્ઞાનીને ભાન નહિ હોવાથી, ઇચ્છા અને દેહ સંબંધી ક્રિયા એક કાળે થતી જાણીને, હું પ્રત્યક્ષ દેહ સંબંધી ક્રિયાઓ કરી રહ્યો છું તેમ અજ્ઞાનીને ભાસે છે, તે ભાસ મિથ્યા પ્રત્યક્ષ છે અને એ મિથ્યા પ્રત્યક્ષ આપના દ્રષ્ટાંતની માફક અત્યંત પોગળતા ભરેલું છે.

ધનનું મળવું પૂર્વ પુણ્યથી થાય છે. જીવને ધન કમાવાનો જે અશુભભાવ થાય છે તે ધન પ્રાપ્તિનું કારણ કદાપિ નથી. અશુભભાવ કારણ અને ધન મળવું તે કાર્ય

એમ કદાપિ હોઈ શકે નહિ. આમ છતાં અજ્ઞાનીઓ સમજે છે કે અમે અમારા વર્તમાન પુરુષાર્થથી ચતુરાઈને લઈને ધન કમાઈએ છીએ. ફલાણા મૂર્ખ છે તેથી તેઓ ધન કમાઈ શકતા નથી. આવી જ રીતે કાંઈ અનુકૂળતા પ્રતિકૂળતા સંસારમાં જીવને મળે છે તે બધી જ પૂર્વ પુણ્ય–પાપાનુસાર પ્રાપ્ત થાય છે. જીવના વર્તમાન પુરુષાર્થને આધીન સંયોગોનું મળવું–ટળવું નથી. તોપણ અજ્ઞાનીનો અભિપ્રાય છે કે વર્તમાન પ્રયત્નથી અનુકુળતા મળે છે, જીવની ભૂલ થઈ જવાથી રોગ આદિ કે ધનમાં ખોટ આદિ પ્રાપ્ત થાય છે. અજ્ઞાનીની આવી માન્યતા આપાના દ્રષ્ટાંતની માફક તદ્દન પોકળતા ભરેલી છે – મિથ્યા છે. વર્તમાન રાગજનિત પ્રયત્ન અને એ જ કાળમાં સંયોગ–વિયોગનું થવું – એ બે ક્રિયાને સાથે થતી જોઈને અજ્ઞાનીને મોહને લઈને ભ્રમણા થાય છે કે આ મારા પુરુષાર્થનું કાર્ય છે. આ માન્યતા ભ્રમ ભરેલી છે.

અમૂર્તિક જ્ઞાનસ્વરૂપ આત્મા પુદગલ દ્રવ્યને ભોગવી શકતો નથી. છતાં શરીરમાં ખોરાક જતાં, મેં ભોજન કર્યું, મેં શીખંડ આદિને ભોગવ્યા. મેં શાતાના ઉદયથી ઘણા ઘણા પ્રકારના સંયોગિક સુખ ભોગવ્યા તથા અશાતાના ઉદયથી શરીરમાં રાગાદિ થાય છે તેને જીવ ભોગવે છે. રોગાદિ જીવને સહન કરવા પડે છે. વીછીં આદિના કરડની અવસ્થા શરીરમાં થવા છતાં, એનું વેદન મને થઈ રહ્યું છે. આમ અનેક પ્રકારના અનુકૂળ–પ્રતિકૂળ વિષયોને જીવ ભોગવી રહ્યો છે, આવી જે માન્યતા છે તે પણ આપાના દ્રષ્ટાંત મુજબ અત્યંત પોગળતા ભરેલી છે. જીવ અજ્ઞાનમાં પણ રાગ–દ્વેષને કરીને, રાગ–દ્વેષના પ્રમાણમાં હર્ષ–શોકને ભોગવે છે. પરદ્રવ્યને જ્ઞાની કે અજ્ઞાની કોઈ ભોગવવા સમર્થ નથી. આમ છતાં હર્ષ–શોકના ભોગવટાના કાળમાં જ બહારમાં અનુકૂળ–પ્રતિકૂળ સંયોગની ક્રિયા થતી જોઈને અજ્ઞાનીને ભ્રમ ઉત્પન્ન થાય છે કે – આ ભોજન આદિને હું ભોગવી રહ્યો છું. આ રોગની વેદના હું ભોગવી રહ્યો છું, આદિ અનેક પ્રકારે અનુકૂળ–પ્રતિકૂળ પરદ્રવ્યોનો ભોગવટો જીવને થઈ રહ્યો છે. એવો જે ભાસ અજ્ઞાનમાં થઈ રહ્યો છે તે આપાના દ્રષ્ટાંતની માફક તદ્દન પોગળતા ભરેલી વાત છે.

જ્યારે આપાને, બીજા દ્વારા પોતાની મિથ્યા પ્રત્યક્ષતાનું પોગળ સમજાયું, ત્યારે તે પસ્તાયા તેમ જીવને જ્યારે જ્ઞાની ગુરુ દ્વારા જડ–ચેતનની પૃથકતા અને સ્વતંત્રતાનું ભાન થાય છે ત્યારે પૃથક દ્રવ્યોમાં કર્તૃત્વનો અને ભોકર્તૃત્વનો જે મિથ્યા પ્રતિભાસ થતો હતો તે છૂટી જાય છે અને સમ્યગ્જ્ઞાનમાં જડ–ચેતન દ્રવ્યો સ્વયં પરિણમતાં ભાસે છે. કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કર્તા–ભોક્તા નહિ ભાસવાથી પરદ્રવ્યોમાંથી ઈષ્ટ–અનિષ્ટ બુદ્ધિ છૂટી જાય છે અને આત્મા માત્ર તમાસગીર બનીને પોતાની સ્વભાવિક શાંતિનો અનુભવ કરે છે.

( પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક વખત આપેલા પ્રસિદ્ધ દ્રષ્ટાંતના આધારે ) *

# શ્રીગુરુની આજ્ઞાઃ નિજ શુદ્ધાત્મસ્વભાવનું ધ્યાન કર

[ તા. ૧૨–૧૦–૭૬ ના શ્રી પરમાત્મપ્રકાશ, દ્વિતીય અધિકારની ગાથા ૯ ના પ્રવચનમાંથી ]

**જીવોને મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુનું સુખનું કારણ નથી. આત્માની પરમ પવિત્રતા તે એક જ સુખનું કારણ છે, પરમ સુખરૂપ છે. સ્ત્રી-કુટુંબ-ધન આદિ પર વસ્તુ છે, તેમ દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર વસ્તુ છે, તે સુખનું કારણ નથી. મોક્ષનો ઉપાય એક માત્ર આત્મધ્યાન છે. માટે હે ભાઈ ! સુખની પ્રાપ્તિ અર્થે આત્મધ્યાન કર.**

સુખાભિલાષીઓને સુખનું સ્વરૂપ સમજાવતાં સંતો કહે છે કે સ્ત્રી–પુત્ર–ધનાદિ અનુકુળ સંયોગો તો ક્યાંય રહ્યા પણ સાચા દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા–ભક્તિ તે રાગ છે, તે પણ સુખનું કારણ નથી. આત્માની પૂર્ણદશા મોક્ષ તે સુખનું કારણ છે. પૂર્ણાનંદ તે મોક્ષ છે અને તેનું કારણ આત્મદ્રવ્ય છે. હે વત્સ ! મોક્ષ સિવાય સુખનું કોઈ કારણ નથી અને આત્મધ્યાન સિવાય મોક્ષસુખનો કોઈ ઉપાય નથી, માટે આત્મધ્યાન કર.

જેને મોક્ષ કરવો છે તેણે આત્મામાં દ્રષ્ટિ લગાવવી કેમ કે ત્યાં આનંદ છે. દેવ–ગુરુ –શાસ્ત્રનું ધ્યાન તે રાગ છે, તે મોક્ષનું કારણ નથી. આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, તેમાં દ્રષ્ટિ કરીને ઠરે છે તે એક જ મોક્ષનો ઉપાય છે. આ કારણે વીતરાગ નિર્વિકલ્પ સમાધિ તે મોક્ષનો ઉપાય છે, સાધન છે, અન્ય કોઈ સાધન નથી. વ્યવહાર તે સાધન નથી પરંતુ કેવો રાગ કઈ ભૂમિકામાં હોય તેનું જ્ઞાન કરાવવા તેને પરંપરા સાધન કહ્યું હોય છે, માટે મોક્ષનો ઉપાય જે નિર્વિકલ્પ સમાધિ તેમાં ઠર.

ભગવાન આત્મા તો શાંત, અકષાય, વીતરાગ સ્વભાવ છે તેમાં ઠર. એ સિવાય ૮૪ લાખ યોનિના ફેરાનો ક્યાંય અંત આવે તેમ નથી. જેણે આવા મોક્ષના સાધનને કર્યું નથી તે સંસારમાં રખડશે. અહીં મોટો કરોડપતિ હોય ને મરીને ભૂંડણીના પેટે અવતરે ! આવી સંસારની સ્થિતિ છે, આત્મધ્યાન વિના તેમાંથી છૂટી શકાશે નહીં, માટે મોક્ષ–સુખનો ઉપાય જે આત્મધ્યાન તેમાં ઠર. શ્રીગુરુ આજ્ઞા કરે છે કે વત્સ ! વીતરાગી નિર્વિકલ્પ સમાધિમાં ઠરીને નિજ શુદ્ધાત્માને ધ્યાવ. સર્વજ્ઞ પરમાત્માની આ આજ્ઞા છે.

ત્યારે શિષ્ય પ્રશ્ન કરે છે કે પ્રભુ! મોક્ષમાં અતીન્દ્રિય સુખ છે તે અતીન્દ્રિય સુખ કેવું છે? અમે તો ઇન્દ્રિય સુખને જાણીયે છીએ. અતીન્દ્રિય સુખ શું છે, એ તો અમે જાણતા નથી માટે એ અતીન્દ્રિય સુખને સમજાવો.

ત્યારે શ્રીગુરુ શિષ્યને દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે કે કોઈ એક પુરુષ શાંતિથી એકાંતમાં બેઠો છે, તે વખતે પંચેન્દ્રિયજન્ય ભોગોનું સેવન નથી છતાં શાંતિથી બેઠો છે. ત્યારે બીજા પુરુષે આવીને તેને પૂછયું કે તું સુખી છો? ત્યારે તેણે કહ્યું કે હા, હું સુખી છું. એ પુરુષને પાંચ ઇન્દ્રિયજન્ય કોઈ ભોગ નથી, માત્ર શાંત ચિત્તે બેઠો છે છતાં 'હુ સુખી છું એમ કહ્યું. એનો અર્થ એ કે આકુળતા રહિતપણું તે જ સુખ છે, વિષય–સેવન તે સુખ નથી. તે વખતે તેને ભોજનાદિ જીવ્હા ઇન્દ્રિયનો વિષય નથી, સ્ત્રી–સેવનાદિ સ્પર્શનો વિષય નથી, સુગંધ આદિ ઘ્રાણેન્દ્રિયનો વિષય નથી, દિવ્ય સ્ત્રીને દેખવારૂપ ચક્ષુઇન્દ્રિયનો વિષય નથી, પ્રશંસાના શબ્દો આદિ કર્ણનો વિષય નથી – એ રીતે પાંચે ઇન્દ્રિયના વિષયો ન હોવા છતાં તે પુરુષ કહે છે કે હું સુખી છું. તેનો અર્થ એ થયો કે પાંચે ઇન્દ્રિના વિષયની નિવૃત્તિથી સુખ છે એટલે કે આત્મામાં સુખ છે, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ નથી.

સંસાર અવસ્થામાં પણ સુખનું મૂળ નિર્વ્યાકુળતા દેખાય છે તો સિદ્ધોના સુખની શી વાત! જો કે તે દ્રષ્ટિ ગોચર નથી તોપણ અનુમાનથી સિદ્ધ થઈ શકે છે કે સિદ્ધોને દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ નથી તથા વિષયોની પ્રવૃત્તિ નથી અને જેમાં વિકલ્પોની જાળ નથી એવું અતીન્દ્રિય સુખ છે. અને તે એક જ ઉપાદેય છે. અન્ય સર્વે સુખની કલ્પના દુઃખ છે, નરકગતિ હો કે દેવગતિ હો, ચારેય ગતિમાં ક્યાંય સુખ નથી. ચાર ગતિ પોતે જ પરાધીન ને દુઃખરૂપ છે, તેમાં સુખ નથી.

જેઓ પાંચ ઇન્દ્રિયના વ્યાપારથી છૂટી અંશે સ્વરૂપમાં સ્થિર છે તે એકદેશ સુખી છે, ને જેઓ સર્વ વ્યાપારથી છૂટીને પૂર્ણ વીતરાગ થઈ ગયા તેને પૂર્ણ સુખ છે. એવું અતીન્દ્રિય પૂર્ણ સુખ સિદ્ધોને હોય છે અને મહામુનિશ્વરોને તે સુખ એકદેશ હોય છે.

સારાંશ એ છે કે મોક્ષ થાય છે તે શુદ્ધોપયોગી થાય છે, દયા–દાનાદિના ભાવ તો અશુદ્ધ ભાવ છે, તેનાથી રહિત જે શુદ્ધોપયોગ તેના વડે સિદ્ધપદ પ્રાપ્ત થાય છે, પુણ્ય–પાપના ઉપયોગથી રહિત વીતરાગી પરિણામથી મોક્ષ થાય છે. એ રીતે અનંતા સિદ્ધ પરમાત્મા થાય છે અને થશે તેઓને સર્વોત્કૃષ્ટ સુખ છે કે જે સુખ ચક્રવર્તીને કે ઇન્દ્રને પણ હોતું નથી. તે સુખ અનુપમ છે, ત્રણ લોકમાં તેના જેવું કોઈ સુખ નથી.

# જ્ઞાનગોષ્ઠી

* ધર્માત્માના હૃદયમાં પરમાત્મા તીર્થંકરદેવ બિરાજે છે. ધર્માત્માના ભાવશ્રુતજ્ઞાનમાં તીર્થંકરદેવનો વાસ છે, તેથી તેની વાણી જે નીકળે છે તે પરમાત્માની જ વાણી છે. અહા ! જેના જ્ઞાનમાં ત્રણલોકનાનાથ તીર્થંકરનો વાસ છે તે ધર્માત્મા છે, સમ્યગ્દ્રષ્ટિ મહાત્મા છે.

* જેમ જેમ જ્ઞાયકસ્વભાવ તરફનો રસ વધતો જાય તેમ તેમ મિથ્યાત્વનો રસ મંદ પડતો જાય છે અને જ્ઞાયકસ્વભાવનો અનુભવ કરતાં મિથ્યાત્વ નાશ થઈ જાય છે. સમ્યગ્દર્શન પામવાનો આ ક્રમ બતાવ્યો છે.

* અહા ! બધા જીવો વીતરાગમૂર્તિ છે. જેવા છો તેવા થાવ. બીજાને મારવા એ તો ક્યાંય રહી ગયું, બીજાનો તિરસ્કાર કરવો એ પણ ક્યાંય રહી ગયું, પણ બધા જીવો સુખી થાવ, અમારી નિંદા કરીને પણ સુખી થાવ, અમે જેવા છીએ તેવા જાણીને પણ સુખી થાવ, ગમે તેમ પણ સુખી થાવ ! પ્રભુનો પ્રેમ તો લાવ ભાઈ ! તારે પ્રભુ થાવું છે ને !

* સૂર્યનો પ્રકાશ ને અંધારું એ બે વસ્તુ તદ્દન જુદા છે તેમ સહજાત્મસ્વભાવ તે એકલો જ્ઞાનસ્વભાવ છે, સૂર્ય સમાન છે ને દયા–દાન આદિના વિકલ્પો તે અંધકાર સમાન છે તેને જ્ઞાન–સૂર્યથી તદ્દન જુદાઈ છે. સહજાત્મસ્વરૂપ એટલે સ્વાભાવિક છે, અણકરાએલી છે, અકૃતિમ છે. એ સ્વભાવને અને રાગને એકતા ત્રણકાળમાં નથી. શું થાય ! કેવળીઓના વિરહ પડયા, અવધિજ્ઞાની પણ કોઈ રહ્યાં નહિ, જગતને ચમત્કાર લાગે તેવું કાંઈ રહ્યું નહિ. 'સત્યને સ્વીકારવું જગતને કઠન પડે છે. આવું પરમ સત્ય સ્વીકારનાર પણ મહાભાગ્યશાળી છે. '

* જો કોઈ અડધા નિમેષમાત્ર પરમાત્મામાં પ્રીતિ કરે, સન્મુખતા કરે તો જેમ અગ્નિનો કણીયો કાષ્ટના મોટા પહાડને પણ ભસ્મ કરી નાખે છે તેમ બધા પાપોનો નાશ કરી નાખે એવો મહાન સામર્થ્યવાન પરમાત્મા છે. ત્રણલોકનોનાથ પરમાત્મા પોતે જ શક્તિમાં છે તેને એન્લાર્જ કરીને પ્રગટ પરમાત્મા થાય છે.

* દ્રવ્યસ્વભાવ કર્મબંધનમાં નિમિત્ત નથી અને દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિવંત પણ કર્મબંધનમાં

નિમિત્ત થતો નથી. યોગ અને ઉપયોગ નવા કર્મ બંધનમાં નિમિત્ત થાય છે. યોગ અને ઉપયોગ એટલે કે રાગ અને યોગના કંપનનો અજ્ઞાની સ્વામી થાય છે, કર્તા થાય છે, તેથી અજ્ઞાની કર્મબંધન થવામાં નિમિત્ત કર્તા થાય છે. જ્ઞાની યોગ–ઉપયોગનો સ્વામી–કર્તા થતો નહિ હોવાથી, કર્મબંધનમાં નિમિત્તપણે પણ કર્તા થતો નથી.

* દ્રવ્યલિંગ તો સર્વથા જીવનું સ્વરૂપ નથી અને ભાવલિંગ જે સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રની શુદ્ધ નિર્મળ પર્યાય, જે પૂર્ણ એવા મોક્ષનું સાધક છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે, પરમાર્થ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તે પણ જીવનું સ્વરૂપ નથી. અહાહા ! સાધક પર્યાયને દ્રવ્યની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે. દેહાદિ કે રાગાદિ તો જીવના નથી જ પણ અહીં તો ભાવલિંગની નિર્મળ પર્યાય જે મોક્ષની સાધક છે તે પણ જીવની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે. પર્યાયનું લક્ષ છોડાવવા, ભેદજ્ઞાનની પરાકાષ્ટાની આ ગાથા (પરમાત્મપ્રકાશ ૮૮) છે. ધ્રુવસ્વભાવની સન્મુખ જે ધ્યાનની અકષાય સાધક પર્યાય પ્રગટ થાય છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ છે, પરમાર્થથી તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ જ જીવનું સ્વરૂપ છે. આવી વાત તો ભાગ્યશાળી હોય તેને કાને પડે છે.

* જેમ શીત–ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે તેમ રાગાદિ પરિણામો પુદ્‌ગલથી અભિન્ન છે ને આત્માથી ભિન્ન છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય છે તે રાગભાવ સાથે જ્ઞાનીને એકતા નથી, જ્ઞાન સ્વયં જાણવારૂપે પરિણમતા રાગને ભિન્ન જ્ઞેયરૂપ જાણે છે, તે રાગ પુદ્‌ગલથી અભિન્ન છે ને તેને જાણવારૂપ જ્ઞાનથી આત્મા અભિન્ન છે.

* જે કોઈ જીવ પુણ્ય–પાપમાં ભેદ માને છે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે અને ઘોર સંસારમાં રખડશે તેમ પ્રવચનસાર ગાથા ૭૭ માં કહ્યું છે. કારણ કે પુણ્ય અને પાપ ભાવમાં અનાત્મપણું સરખું જ છે. વ્યવહારથી પુણ્ય અને પાપ ભાવમાં ભેદ છે તે જ્ઞાન કરવા માટે છે પણ પરમાર્થથી પુણ્ય–પાપમાં ભેદ નથી, બંનેમાં અનાત્મપણું સમાન છે.

પ્રશ્નઃ– આવું જાણવાથી જીવો શુભભાવ છોડી દેશે ?

ઉત્તરઃ– શુભભાવની રુચિ છોડવાની વાત છે. શુભભાવ છૂટતો નથી. ભૂમિકા વધતા શુભભાવ તો વધતો જાય છે પણ તેમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ હોતી નથી.

* જ્ઞાનીને પોતાની રિદ્ધિ – સિદ્ધિ અને વૃદ્ધિ પોતામાં જ દેખાય છે. જ્ઞાનીએ પોતાનું પરમાત્મસ્વરૂપ દ્રષ્ટિમાં દેખ્યું છે એ જ ખરી સિદ્ધિ છે. પોતાનું પરમાનંદ સ્વરૂપ પોતામાં દેખ્યું એ જ ખરી સિદ્ધિ છે, પોતાનું મતિજ્ઞાન પ્રત્યક્ષ આત્માને

જાણીને વીર્યના ઉછાળા મારતું કેવળજ્ઞાનને પોકાર કરીને બોલાવે છે. – શક્તિમાં કેવળજ્ઞાન પડયું છે તેને બહાર (પર્યાયમાં) બોલાવે છે. અજ્ઞાનીને ધન–કુટુંબ –વૈભવ આદિમાં રિદ્ધિ–સિદ્ધિ દેખાય છે તેનાથી તે સંસારની વૃદ્ધિ કરે છે અને દુર્લભતાથી મળેલ મનુષ્ય જીવન નિરર્થક ગુમાવે છે.

* જેમ લોહચૂંબક લોખંડની સોયને ખેંચે છે, આકર્ષે છે, તેમ અજ્ઞાનીને રૂપાળા– નમણા શરીર, ધન કુટુંબ વૈભવ, આદિમાં મિથ્યાબુદ્ધિ થી આકર્ષણ થાય છે. મસાણમાં હાડકામાંથી ફોસ્ફરસના ભડકા ચમકે છે તેમ અજ્ઞાનીને અનુકુળ વિષયોમાં ચમક દેખાતા આકર્ષાય છે. ભાઈ! તારા ચૈતન્યસ્વભાવમાં આનંદ ભર્યો છે તેમાં આકર્ષાયો નથી તેથી તને બહારનું આકર્ષણ થયું છે.

* પ્રશ્નઃ– ધજા ચાલે છે તે પવનથી નથી ચાલતી તેમ આપ કહો છો પણ પવનનું જોર ધજાને તોડી નાંખે છે ને?

 ઉત્તરઃ– ધજાનું ચાલવું ને તૂટવું તે ધજાથી છે. પવન ધજાને અડતો નથી, ધજાના તૂટવા કાળે પવન નિમિત્તરૂપ ભલે હો પણ ધજાનું તૂટવું પોતાના ઉપાદનના સ્વકાળથી છે. નિમિત્તની હાજરી હોવા છતાં ઉપાદનના કાર્યમાં નિમિત્ત અકિંચિત્કર છે, ધર્માસ્તિકાયવત્ છે.

* જીવમાં કર્મ બંધાએલા છે તેવો વ્યવહારનયનો એક પક્ષ છે અને જીવમાં કર્મ બંધાએલા નથી એવો નિશ્ચયનયનો એક પક્ષ છે. અહીં વિકલ્પવાળા–વિકલ્પના પક્ષવાળા નયની વાત છે. નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની, તેમ સમયસારમાં કહ્યું છે તે નિર્વિકલ્પ નિશ્ચયનયની વાત છે. અહીં કહે છે કે નિશ્ચયનયના વિકલ્પના પક્ષમાં ઊભો છે ત્યાં સુધી આત્મપ્રાપ્તિ થતી નથી તેથી વિકલ્પના પક્ષમાં ઉભેલા જીવને આચાર્યદેવ કહે છે કે હું શુદ્ધ છું, જ્ઞાયક છું આદિ નિશ્ચયનયના પક્ષમાં આવ્યો તેથી શું? બદ્ધ – સ્પૃષ્ટ આદિ વ્યવહારનયના પક્ષનો નિષેધ કરીને અબદ્ધ સ્પૃષ્ટ છું એવા નિશ્ચયનયના પક્ષમાં આવ્યો પણ તેથી શું? વિકલ્પના પક્ષમાં ઊભો છે ત્યાં સુધી આત્મપ્રાપ્તિ દૂર છે. નિશ્ચયના પક્ષમાં ઉભેલાને પણ આત્મ–પ્રભુનો લાભ થતો નથી, તેથી આત્માનો અનુભવ કરવા પક્ષાંતિક્રાંત થા તેમ આચાર્યદેવ ફરમાવે છે.

* પંચ મહાવ્રત આદિના વિકલ્પોનો નિષેધ તો છે જ, પણ એ વ્રતાદિના વિકલ્પ રહિત હું શુદ્ધ ચૈતન્યઘન છું, જ્ઞાયક છું, સિદ્ધ સમાન છું એવા નિશ્ચયનયના વિકલ્પોના પક્ષનો પણ નિષેધ કર્યો છે. આત્મા ચેતાવા યોગ્ય છે, જણાવા યોગ્ય છે, વેદાવા યોગ્ય

છે, પ્રકાશવા યોગ્ય છે એવા વિકલ્પોથી પણ આત્મા જણાતો નથી, વેદાતો નથી. આત્માનું સ્વરૂપ જણાવા યોગ્ય, વેદાવા યોગ્ય છે ખરું, પણ એ સ્વરૂપના વિકલ્પો કરવાથી આત્મા જણાતો કે વેદાતો નથી તેથી તેવા વિકલ્પોનો નિષેધ કરીને અખંડ અભેદ આત્માનો અનુભવ કરાવવા એ બધા નિશ્ચયનયના વિકલ્પોને પણ છોડાવી આત્માનો અનુભવ કરવા કહ્યું છે.

* વ્રત–નિયમ–શીલ–તપ આદિ શુભ રાગ છે, તેમાં ધર્મ માને કે મનાવે છે તે મિથ્યાત્વના પાપને બાંધે છે, તેઓનો સંગ કરવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે.

પ્રશ્નઃ– મિથ્યાદૃષ્ટિ પુણ્યશાળી હોય તો તેવાનો સંગ કરવો ને ?

ઉત્તરઃ– મિથ્યાદૃષ્ટિ પુણ્યશાળી હોય તોપણ તેને શાસ્ત્રમાં પાપી કહ્યાં છે, ભલે તે શુભભાવ કરતો હોય તોપણ તે પુણ્યથી ધર્મ મનાવે છે. પરદ્રવ્યથી લાભ મનાવે છે. તે મિથ્યાત્વના પાપને બાંધનારા છે, તેનો સંગ કરવાથી મિથ્યાત્વભાવ પુષ્ટ થાય છે.

* પ્રશ્નઃ– વ્રત–નિયમ–તપ આદિ જેટલું અજ્ઞાની કરે છે એટલો તો તેને લાભ જ છે ને ?

ઉત્તરઃ– અજ્ઞાની વ્રતાદિના શુભરાગથી ધર્મ માને છે, શરીરની ક્રિયાનો કર્તા થાય છે, તેથી તેને મિથ્યાત્વનો મોટો લાભ થાય છે. એ મિથ્યાત્વભાવનું ફળ નરક–નિગોદ આદિના અનંત ભવોમાં રખડવાનું છે. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને ચોથા ગુણસ્થાને વ્રતાદિ હોતા નથી. ભરત ચક્રવર્તી રાજપાટમાં હતા, ૯૬૦૦૦ રાણીઓના વૃંદમાં હતા, છતાં એ રાગ અને શરીરની ક્રિયાના જ્ઞાતા રહેતા હતા, તેથી તેમને ભોગાદિમાં કર્મ–બંધન અલ્પમાત્ર થતું હતું કે જે ધ્યાનમાં બેસતાં ક્ષણમાત્રમાં ( અંતમુહૂર્ત ) બાળીને કેવળજ્ઞાન પામ્યા હતા, એ સમ્યગ્દર્શન–જ્ઞાનનો પ્રતાપ છે.

* પ્રશ્નઃ– જિનેન્દ્રદેવના દર્શનથી, દેવોની ઋદ્ધિદર્શનથી સમ્યગ્દર્શન થાય છે એ કેવી રીતે છે ?

ઉત્તરઃ– જિનેન્દ્રદેવના દર્શન કરતાં તેમની વીતરાગતા દેખીને પોતાનો સ્વભાવ પણ એવો જ વીતરાગસ્વરૂપ છે તેમ વિચારતાં સ્વસન્મુખ વળીને સમ્યગ્દર્શન પામે છે. તેને દેવદર્શનથી સમ્યક્ થયું તેમ કહેવાય છે. દેવોની ઋદ્ધિ દેખતા, એના પુણ્યની આશ્ચર્યતા, છતાં ક્ષણભંગુરતા આદિ સ્વરૂપ વિચારી પોતાના સ્વભાવ સન્મુખ થઈ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેને દેવઋદ્ધિદર્શનથી સમ્યગ્દર્શન થયું તેમ કહેવાય છે. વેદનાને પણ સમ્યક્નું કારણ કહેવામાં આવે છે. પણ વેદના નારકીઓને તો સદાય હોય છે. પણ જે જીવ નરકની વેદનાથી તાત્ત્વિકસ્વરૂપના વિચારમાં ઊંડો ઊતરી સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન પામે છે તેને વેદનાના કારણે સમ્યગ્દર્શન થયું તેમ કહેવાય છે.

* પ્રશ્નઃ– વ્રત–નિયમ–શીલ–તપ આદિના શુભ રાગને અત્યંત સ્થૂલ પરિણામ કેમ કહ્યાં છે?

ઉત્તરઃ– આત્મસ્વભાવ સૂક્ષ્મ છે, ઇન્દ્રિયોથી અગોચર છે, તેથી અત્યંત સૂક્ષ્મ છે. શુભ પરિણામો આત્મસ્વભાવથી વિરુધ્ધ જાતના છે તેથી તેને અત્યંત સ્થૂલ પરિણામ કહ્યાં છે. રાગના પરિણામ જાડા છે, પરલક્ષે થતાં પરિણામ છે, વિકૃત પરિણામ છે, પરઆશ્રયવાળા પરિણામ છે, સ્થૂલ લક્ષવાળા પરિણામ છે, તેથી તેને અત્યંત સ્થૂલ પરિણામ કહ્યાં છે.

* પ્રશ્નઃ– અજ્ઞાનીના વ્રતાદિ બંધના કારણ છે પણ જ્ઞાનીના વ્રતાદિ તો મોક્ષના કારણ છે ને?

ઉત્તરઃ– જ્ઞાની હોય કે અજ્ઞાની હોય, વ્રત આદિનો શુભરાગ પરના આશ્રયે થતો હોવાથી બન્નેને બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી. જ્ઞાનીને જે વ્રત આદિ શુભ રાગ આવે છે તેમાં પણ આકુળતા ઉદ્વેગ છે, દુઃખરૂપ છે, તેથી બંધનું કારણ છે. સ્વસન્મુખ થતાં જે શુદ્ધ પરિણામ થાય તે જ મોક્ષનું કારણ છે.


* પ્રશ્નઃ– દ્રવ્યપરમાણુ ને ભાવપરમાણુના ધ્યાનથી કેવળજ્ઞાન થવાનું શાસ્ત્રમાં કહ્યું છે, તો અન્ય શાસ્ત્રમાં તો શુદ્ધાત્માનું ધ્યાન કરવાથી કેવળજ્ઞાન થવાનું કહ્યું છે?

ઉત્તરઃ– દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કરવા કહ્યું છે તે પુદ્ગલ પરમાણુંનું કથન નથી. દ્રવ્ય ગુણ પર્યાયના સ્વરૂપની સૂક્ષ્મતાને દ્રવ્યપરમાણુ કહ્યું છે ને સ્વસંવેદન પરિણામ તે ઇન્દ્રિય–મનને ગમ્ય ન હોવાથી સૂક્ષ્મ છે, તેને ભાવપરમાણુ કહ્યું છે. આ દ્રવ્યપરમાણુના, ભાવપરમાણુના ધ્યાનથી કેવળજ્ઞાન થવાનું કહ્યું છે.

## સુવર્ણપુરીના સમાચાર

* સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ સુખશાંતિમાં બિરાજી રહ્યા છે. સવારે શ્રી પરમાત્મપ્રકાશ દ્વિતીય અધિકારની ગાથા ૫૩ ઉપર તથા બપોરે શ્રી સમયસાર–આસ્રવ અધિકારની ગાથા ૧૬૯ ઉપર ગુજરાતીમાં પ્રવચનો ચાલી રહ્યા છે. (તા. ૧૬–૧૧–૭૬)

* પૂજ્ય ગુરુદેવની ૮૮ મી જન્મજયંતી જામનગરમાં ઊજવવા માટે જામનગરથી મુમુક્ષુમંડળના ભાઈઓ–બહેનો પૂજ્ય ગુરુદેવને વિનંતી કરવા આવ્યા હતા. પૂજ્ય ગુરુદેવની ૮૮ મી જન્મજયંતી જામનગર ઊજવવાનું નક્કી થયેલ છે. વિહારનો કાર્યક્રમ યોગ્ય સમયે અત્રે જણાવવામાં આવશે.




* સાવરકુંડલા નિવાસી (હાલ–મુંબઈ) શ્રી તારાચંદ કુંવરજી દોશી (વર્ષ–૭૦) તા. ૫–૧૦–૭૬ ના સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૩૦ વર્ષથી તેઓ અવાર–નવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવની આત્મકલ્યાણકારી અધ્યાત્મવાણીનો લાભ લેતા હતા.

* પાલેજવાળા રૂપાળીબેન આણંદજીભાઈ (વર્ષ–૭૦) આસો વદ ૩ ના સ્વર્ગવાસ પામ્યા છે, તેઓ પૂ. ગુરુદેવશ્રીના કુટુંબી હતા. અવાર–નવાર સોનગઢ લાભ લેવા આવતાં હતાં. પૂ. ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો.

* કલકત્તા નિવાસી શેઠશ્રી પન્નાલાલજી ગંગવાલના ધર્મપત્ની વિમલાદેવી (વર્ષ–૫૪) આસો વદ ૯ ના સ્વર્ગવાસ પામ્યા છે. પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રી ચંપાબેનની ૬૩ મી જન્મજયંતી પ્રસંગે તેઓ સોનગઢ આવ્યા હતા અને ખૂબ જ ઉમંગથી પૂજ્ય બેનશ્રીને હીરાથી વધાવ્યા હતા. તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો.

* બરવાળા નિવાસી (હાલ–સુરત) શ્રી ચીમનલાલ ભાયલાલ ડેલીવાળા (વર્ષ–૬૮) કારતક સુદ ૭ ના સોનગઢ સ્વર્ગવાસ પામ્યા છે. ઘણા વર્ષોથી પૂ. ગુરુદેવશ્રીના પરિચયમાં હતાં અને છેલ્લા પાંચ વર્ષથી સતત સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક પ્રવચનોનો ખૂબ પ્રસન્નતાથી લાભ લેતા હતા. કારતક સુદ ૭ ના સવારે પૂજ્ય ગુરુદેવનું પ્રવચન સાંભળીને ઘરે ગયા બાદ એકાએક બે કલાકમાં સ્વર્ગવાસ પામ્યા હતાં. પૂજ્ય ગુરુદેવના આત્મકલ્યાણકારી પ્રવચન સાંભળીને આગલે દિવસે સાંજે જ તેમણે કહેલું કે 'પેટે પાટા બાંધીને પણ આ કરી લેવા જેવું છે. ' પૂજ્ય ગુરુદેવશ્રીએ પણ તેમની ઉપરોક્ત

ભાવનાને યાદ કરીને મુમુક્ષુઓને આત્મહિતની પ્રેરણા આપી હતી. આત્મહિત પામવાની ઊંડી ભાવના સાથે તેમણે દેહ છોડયો.

* સુરત નિવાસી ડોકટર શ્રી પ્રેમચંદભાઈ શાહ (વર્ષ ૬૫) કારતક સુદ–૭ ના સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તે દિવસે સાંજે જ એક સમારોહમાં સંસારની સ્થિતિ અને આત્મહિત સાધવા સંબંધી ભાષણ આપી રહ્યા હતા ત્યારે એકાએક હૃદય રોગનો હુમલો આવેલ અને તે જ રાત્રિના તેઓ સ્વર્ગવાસ પામ્યા હતા. છેલ્લા ૩૦ વર્ષથી તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનો લાભ લેતા હતાં, તથા સુરતમાં પોતે વાંચનકાર હતાં. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. આત્મહિત પામવાની ઊંડી ધગશ પૂર્વક તેમણે દેહ છોડયો હતો.

* બોરસદ નિવાસી મોતીબેન ચુનીલાલ પરીખ (શ્રી છોટાલાલ રાયચંદના બહેન) (વર્ષ–૯૦) તા. ૮–૧૧–૭૬ ના સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૩૫ વર્ષથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મ–અમૃતનો લાભ લેતા હતા. તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અપાર શ્રદ્ધા–ભક્તિ હતા.

***સ્વર્ગસ્થ આત્માઓ દેવ-ગુરુ-ધર્મ ના પ્રત્યે આત્મહિત સાધીને આત્મોન્નતિ પામો.***

* જે મૂઢ પાંચ ઇન્દ્રિયોના વિષય સેવનમાં સુખ શોધે છે તે જીવ જાણે કે શીતળતાની પ્રાપ્તિ માટે અગ્નિમાં પ્રવેશ કરે છે અથવા લાંબો કાળ જીવવા માટે વિષ પીવે છે તેની આ વિપરીત બુદ્ધિથી સુખને બદલે દુઃખ જ થશે.

* જેમાં સમસ્ત પ્રકારથી વિચાર કરવાનું સામર્થ્ય છે તથા જેની પ્રાપ્તિ દુર્લભ છે એવા મનુષ્ય જન્મને પામીને જે જીવ પોતાનું હિત કરતો નથી, તે પોતાનો ઘાત કરવા માટે વિષવૃક્ષને ઉછેરે છે.

* જીવોના આયુર્બળ તો અંજલિના જળની જેમ ક્ષણ ક્ષણમાં નિરંતર ઝરે છે અને કમળપત્ર પર પડેલા જળબિંદુની જેમ યૌવન તત્કાળ ઢળી પડે છે. તોપણ પ્રાણી વૃથા જ સ્થિરતાની ઇચ્છા કરે છે.

* જીવોને મનોજ્ઞ વિષયોની સાથેનો સંયોગ સ્વપ્ન સમાન છે. ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે. જેની બુદ્ધિ ઠગવામાં ચતુર–કુશળ છે, એવા ઠગોની જેમ તે વિષયો કિંચિત્‌કાળ ચમત્કાર બતાવીને સર્વસ્વ હરી લેનારા છે. (જ્ઞાનાર્ણવ)

# આ.... ત્મ - અ.... વ.... લો.... ક.... ન....

[ તા. ૨૮-૧૦-૭૬ ના પરમાત્મપ્રકાશ દ્વિતીય અધિકારની ગાથા ૩૪ પરના પ્રવચનમાંથી ]

અહીં શ્રી યોગીન્દ્રદેવ કહે છે કે જાણવાના પહેલાં સામાન્યપણે ભેદ પાડયા વિના દેખવું તેને દર્શન કહે છે.

ત્યારે શિષ્ય પૂછે છે કે નિજાત્માને દેખવો તે જ દર્શન છે એમ આપે અનેકવાર કહ્યું છે. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ નિજાત્મા તેને દેખવો તેને સમ્યગ્દર્શન આપ કહેતા આવ્યા છો. અને હવે અહીં સામાન્યપણે દેખવું તે દર્શન એમ આપ કહો છો તો એવું સામાન્ય અવલોકન તો મિથ્યાદ્રષ્ટિને ને અભવીને પણ હોય છે. કોઈ પણ ચીજનો ભેદ પાડયા વિના સામાન્યપણે-સત્તારૂપ દેખવું તેને દર્શન કહે છે. એવું સામાન્ય દર્શન તો મિથ્યાદ્રષ્ટિને પણ હોય છે. અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિને પણ ચક્ષુ-અચક્ષુ આદિ દર્શન હોય છે. જો સામાન્યપણે દેખવું તેને જ દર્શન કહેશો તો અભવીને પણ મોક્ષ કહેવો જોઈએ.

તેનું સમાધાન કરાવતાં મુનિરાજ કહે છે કે સાંભળ ! સામાન્ય અવલોકનના ચાર ભેદ છેઃ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન ને કેવળદર્શન. તેમાં આંખ વડે દેખવું તે ચક્ષુદર્શન છે. આંખ વડે દેખવું એટલે કે આ મૂર્તિ છે, આ માણસ છે - એવા ભેદથી દેખવું તે તો જ્ઞાન છે પણ જ્ઞાન થવા પહેલાં ભેદ પાડયા વિના દેખવું તે ચક્ષુદર્શન છે, અને મનથી દેખવું તે અચક્ષુદર્શન છે.

આ દર્શનમાં છદ્મસ્થ અવસ્થામાં આત્માનું દેખવું મનથી થાય છે તેને આત્મ-અવલોકન કહે છે અને તે સમ્યગ્દ્રષ્ટિને હોય છે. ભગવાન આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ તેનું મનથી અવલોકન કરવું તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિના ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષયવાળાને હોય છે.

[ અનુસંધાન પાનાં ૧૫ ઉપર ]

# આગમ - મહાસાગરના અણમૂલાં રત્નો

* આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! ત્રણ લોકરૂપી ઘરના સ્વામી એવા ચૈતન્યસ્વરૂપ તેજને તમે સમજો; કેમ કે હું એવી શંકા કરું છું કે એક ચૈતન્યસ્વરૂપ તેજના વિના આ ત્રણ લોકરૂપી ઘર પણ વન સમાન છે.

(પદ્મનંદિપંચવિંશતિકા)

* સોનાને કાદવ સમાન, રાજ્યપદને અત્યંત તુચ્છ, લોકોની મૈત્રીને મૃત્યુ સમાન, પ્રશંસાને ગાળ સમાન, યોગની ક્રિયાઓને ઝેર સમાન, મંત્રાદિ યુક્તિઓને દુઃખ સમાન, લૌકિક ઉન્નતિને અનર્થ સમાન, શરીરની કાન્તિને રાખ સમાન, સંસારની માયાને જંજાળ સમાન, ઘરના નિવાસને બાણની અણી સમાન, કુટુંબના કામને કાળ સમાન, લોક-લાજને લાળ સમાન, સુયશને નાકના મેલ સમાન અને ભાગ્યોદયને વિષ્ટા સમાન જે જાણે છે, તેને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. (સમયસાર નાટક)

* જે પ્રાણી ક્રોધી હોય, નિર્દય અર્થાત્ ક્રુરકર્મી હોય, તથા મધુ-માંસ-મદ્ય અને પરસ્ત્રીલંપટ તથા આસક્ત વ્યસની હોય અને અત્યંત પાપી હોય તથા દેવ-શાસ્ત્ર-ગુરુઓના સમૂહની નિંદા કરવાવાળા અને પોતાની પ્રશંસા કરવાવાળા હોય તથા નાસ્તિક હોય એવા જીવો પ્રત્યે રાગ-દ્વેષ રહિત મધ્યસ્થભાવ રહેવો, તેને ઉપેક્ષા કહી છે. ઉદાસીનતા (વીતરાગતા) નું નામ ઉપેક્ષા છે તેથી તે મધ્યસ્થભાવના છે. (જ્ઞાનાર્ણવ)

* એ રીતે આ આત્મા કર્મોના કરેલા રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. (પુરુષાર્થસિદ્ધિ ઉપાય)

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) કારતક
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૩૫૦